RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 316, Dt.28-3-2025 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વસુધૈવ કુટુમ્બકમની વાતો માત્ર કાગળ પરઃ સુપ્રિમ

## સુપ્રિમ કોર્ટે પરિવારો તુટતા જાય છે એ બાબતે ચિંતા વ્યકત કરી : પરિવારનો ખ્યાલ સમાપ્ત થઈ રહયો છે : વિશ્વ માટે એક પરિવારનું નિમાર્ણ કરવું દૂરની વાત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પરિવારોના તૂટવા અંગે ચિંતિત સુપ્રીમ કોર્ટે કહયું કે ભારતમાં લોકો વસુધૈવ કુટુંબકમ એટલે કે સમગ્ર વિશ્વને એક પરિવાર માને છે. પરંતુ તેઓ તેમના નજીકના સંબંધીઓ સાથે પણ નિકટતા જાળવી રાખવામાં નિષ્ફળ રહયા છે. જસ્ટિસ પંકજ મિથલ અને જસ્ટિસ એસવીએન ભટ્ટીની બેન્ચે કહ્યુ કે પરિવારનો ખ્યાલ સમાપ્ત થઈ રહયો છે અને એક વ્યક્તિ-એક પરિવારની વ્યવસ્થા રચાઈ રહી છે.

કોર્ટે કહયું,ભારતમાં આપણે વસુધૈવ કુટુંબકમમાં માનીએ છીએ, એટલે કે આખી પૃથ્વી એક પરિવાર છેઁ. જોકે, આજે આપણે આપણા પોતાના પરિવારોમાં એકતા જાળવી પણ શકતા નથી, વિશ્વ માટે એક પરિવાર બનાવવાનું તો દૂરની વાત છે. પરિવાર ની મૂળભૂત વિભાવના અદ્રશ્ય થઈ રહી છે અને આપણે એક વ્યક્તિ, એક પરિવારની ધાર પર ઉભા છીએ.પરિવારની સંસ્થાના વિઘટન અંગે ચિંતિત સુપ્રીમ કોર્ટે કહ્યુ કે ભારતમાં લોકો વસુધૈવ કુટુમ્બકમ એટલે કે સમગ્ર વિશ્વને એક પરિવાર માનવામાં માને છે. પરંતુ તેઓ તેમના નજીકના સગાઓ સાથે પણ નિકટતા જાળવી રાખવામાં નિષ્ફળ રહ્યા છે.સંયુક્ત પરિવારોના અંત અંગે ચિંતા વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે કહ્યુ કે વસુધૈવ કુટુમ્બકમના સિદ્ધાંત સાથે ભારત આજે પોતાના પરિવારોમાં એકતા જાળવવા માટે સંઘર્ષ કરી રહયુ છે. પરિવારનો ખ્યાલ જ લુપ્ત થઈ રહ્યો છે અને આપણે એક વ્યક્તિ-એક પરિવારની ધાર પર ઉભા છીએ.

પરિવારની સંસ્થાના ધોવાણ પર ચિંતા વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે કહયું કે ભારતમાં લોકો નવસુધૈવ કુટુંબકમથ ના સિદ્ધાંતમાં માને છે પરંતુ નજીકના સંબંધીઓ સાથે પણ એકતામાં રહેવામાં નિષ્ફળ જાય છે. ઉત્તર પ્રદેશની ૬૮ વર્ષીય સમતોલા દેવીની અરજીનો નિકાલ કરતી વખતે સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી. સમતોલાએ ઉત્તર પ્રદેશના સુલતાનપુર સ્થિત તેમના પરિવારના ઘરમાંથી તેમના મોટા પુત્ર કળષ્ણ કુમારને બહાર કાઢવાની માંગ કરી હતી.

જસ્ટિસ પંકજ મિથલ અને એસવી એન ભટ્ટીની બેન્ચે કહ્યું કે, ભારતમાં આપણે વસુધૈવ કુટુંબકમમાં માનીએ છીએ, એટલે કે આખી પૃથ્વી એક પરિવાર છે. જોકે, આપણે આપણા પોતાના પરિવારમાં પણ એકતા જાળવી શકતા નથી, વિશ્વ માટે કુટુંબ બનાવવાની વાત તો દૂરની વાત છે. નપરિવારથ ની વિભાવના જ અદશ્ય થઈ રહી છે, અને આપણે એક વ્યક્તિ, એક પરિવારની અણી પર છીએ. બેન્ચ સમક્ષ એ વાત રેકોર્ડ પર લાવવામાં આવી હતી કે કલ્લુ માલ (જેમનું પાછળથી અવસાન થયું) નામના વ્યક્તિ અને તેની પત્ની સમતોલા દેવીને પાંચ બાળકો હતા - ત્રણ પુત્રો અને બે પુત્રીઓ. સુલતાનપુરમાં સમતોલા દેવીનું ત્રણ દુકાનોવાળું ઘર હતું. સમય જતાં, માતાપિતા અને તેમના પુત્રો વચ્ચે વિવાદો થવા લાગ્યા, ખાસ કરીને કળષ્ણ કુમાર, જેમણે કૌટુંબિક વ્યવસાય



સંભાળ્યો. ૨૦૧૪માં, કલ્લુ માલે કળષ્ણ કુમાર પર ગેરવર્તણૂકનો આરોપ લગાવ્યો અને એસડીએમને કાયદા મુજબ તેમની સામે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરી. ૨૦૧૭ માં, દંપતીએ ભરણપોષણની માંગણી કરી. ફેમિલી કોર્ટે દંપતીને દર મહિને ૮,૦૦૦ રૂપિયા આપ્યા, જે બંને પુત્રો, કળષ્ણ કુમાર અને જનાર્દનને સમાન રીતે ચૂકવવાના હતા.

૨૦૧૯ માં, કલ્લુ માલ અને તેની પત્નીએ કળષ્ણ કુમારને બહાર કાઢવા માટે અરજી દાખલ કરી. ટ્રિબ્યુનલે તેમને તેમના માતાપિતાની પરવાનગી વિના ઘરના કોઈપણ ભાગ પર અતિક્રમણ ન કરવાનો આદેશ આપ્યો હતો પરંતુ મકાન ખાલી કરાવવાનો આદેશ આપ્યો ન હતો. નિર્ણયથી અસંતુષ્ટ, માતાપિતાએ એપેલેટ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ કરી, જેણે કુમારને ઘર ખાલી કરવાનો આદેશ આપ્યો, પરંતુ બાદમાં હાઈકોર્ટે તેને ઉલટાવી દીધો.

દરમિયાન, કેસ હાઈકોર્ટમાં પેન્ડિંગ હતો ત્યારે કલ્લુ માલનું મૃત્યુ થયું. તેમના મૃત્યુ પછી, તેમની પત્નીએ કાનૂની કાર્યવાહી ચાલુ રાખી અને તેમના પુત્રને ઘર ખાલી કરાવવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી. તેણીએ દલીલ કરી હતી કે આ ઘર તેના પતિની સ્વ-ખરીદેલી મિલકત હતી અને કળષ્ણ કુમારનો ત્યાં રહેવાનો કોઈ કાયદેસર દાવો નથી.

જોકે, સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આદેશને માન્ય રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહયું કે, વરિષ્ઠ નાગરિક અધિનિયમની જોગવાઈઓમાં ક્યાંય પણ આવા કોઈપણ વરિષ્ઠ નાગરિકની માલિકીની અથવા તેમની માલિકીની કોઈપણ જગ્યામાંથી વ્યક્તિઓને બહાર કાઢવા માટે કાર્યવાહી કરવાની કોઈ ચોક્કસ જોગવાઈ નથી.

જો આ દાવો સ્વીકારવામાં આવેકે આ ઘર કલ્લુ માલની સ્વ-ખરીદેલી મિલકત હતી અને ફક્ત તેની જ માલિકીની હતી, તો જ્યારે તેણે તેને તેની પુત્રીઓ અને જમાઈને ટ્રાન્સફર કર્યુ, ત્યારે તે હવે તેના માલિક ન હતા.

# વિદેશમાં મમતાના ભાષણ દરમિયાન ભારે હોબાળોઃ 'ગો બેક'નાં નારા

## ઓકસફોર્ડ યુનિવર્સિટી ખાતે પ્રવચન દરમ્યાન હોબાળોઃ વિદ્યાર્થીઓએ કરી નારેબાજી

**મુખ્ય સમાચાર, લંડન**

ઓક્સફર્ડ યુનિવર્સિટીના કેલોગ કોલેજમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભાષણ દરમિયાન ભારે હોબાળો થયો. સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના વિદ્યાર્થી નેતાઓએ ગો બેકના નારા લગાવ્યા અને આર.જી. કર મેડિકલ કોલેજને લગતા મુદ્દાઓ પર સવાલો કર્યા.

વિદ્યાર્થીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા સવાલોના જવાબમાં મમતા બેનર્જીએ કહ્યું, આ મામલો કોર્ટમાં છે, આ મામલો કેન્દ્ર સરકાર પાસે છે. અહીં રાજકારણ ન કરો, આ પ્લેટફોર્મ રાજકારણ માટે નથી. તમે જુઠું બોલી રહ્યા છો, આને રાજકીય પ્લેટફોર્મ ન બનાવો. તમે બંગાળ જાઓ અને તમારા પક્ષને વધુ મજબૂત બનાવો. દરમિયાન, મમતા બેનર્જીએ ભીડને એક ફોટો બતાવ્યો અને કહ્યું કે તમે મારી આ તસવીર જુઓ, મને કેવી રીતે મારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

જ્યારે મમતા બેનર્જીએ દાવો કર્યો કે બંગાળને લાખો કરોડ રૂપિયાના રોકાણ પ્રસ્તાવો મળ્યા છે, ત્યારે એક દર્શકે તેમને ચોક્કસ રોકાણોના નામ આપવા કહ્યું. આના પર, મમતાએ જવાબ આપ્યો, ઘણા બધા છે... એ પહેલા કે તેઓ વધુ વિગતવાર વાત કરે, અન્ય લોકોએ તે વ્યક્તિને ચૂપ રહેવા કહી દીધું કે આ કોઈ પ્રેસ કોન્ફરન્સ નથી.

મમતા બેનર્જીએ કહ્યું કે તેમને પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરવાની તક આપવી જોઈએ. તેમણે કહ્યું,ઁમને બોલવા દો. તમે મારું નહીં, પણ તમારી સંસ્થાનું અપમાન કરી રહ્યા છો. હું જ્યાં પણ જાઉં છું ત્યાં આ લોકો આવું જ કરે છે. હું દરેક ધર્મનું સમર્થન કરું છું. હું હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ બધાનું સન્માન કરું છું. ફક્ત એક જ જાતિનું નામ ન લો, બધાનું નામ લો. તમે લોકો જે કરી રહ્યા છો તે યોગ્ય નથી. મારા અતિ ડાબેરી અને સાંપ્રદાયિક મિત્રો, આ રાજકારણ ન કરો.





જ્યારે કેટલાક દર્શકોએ ગો અવેના નારા લગાવ્યા, ત્યારે મમતા બેનર્જીએ આત્મવિશ્વાસથી કહ્યું, દીદીને કોઈ ફરક નથી પડતો. દીદી વર્ષમાં બે વાર આવશે અને રોયલ બંગાળ ટાઈગરની જેમ લડશે. આ ઉપરાંત, તેમણે કહ્યું, જો તમે કહો તો હું તમારા કપડાં ધોઈ આપીશ અને તમારા માટે ખાવાનું બનાવી દઈશ.

પણ જો કોઈ મને ઝુકાવવાનો પ્રયાસ કરશે અથવા મજબૂર કરશે, તો હું ઝૂકીશ નહીં. હું ફક્ત જનતા સમક્ષ મારું માથું ઝુકાવીશ

# ૧લી એપ્રિલથી થર્ડ પાર્ટી વિમા પ્રિમીયમ ૧૫ થી ૨૦ ટકા વધારો ઝીંકાય તેવી સંભાવના

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**



નવા નાણાંકીય વર્ષના પ્રારંભે જ વાહન માલીકોને ઝટકો સહન કરવો પડે તેમ છે.વીમા કંપનીઓ દ્વારા થર્ડ પાર્ટી વાહન વીમામાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો ઝીંકે તેવી શકયતા છે. પાંચ વર્ષથી દર યથાવત છે અને વીમા દાવાઓના વધતા બોઝને ધ્યાને રાખીને વધારો કરવાની તૈયારી છે.

વીમા ક્ષેત્રની કંપનીઓનાં સુત્રોએ જણાવ્યું હતું કે, વધતા વીમા દાવા અને ઘટતા માર્જીનથી દર વધારો અનિવાર્ય છે.થર્ડ પાર્ટી વીમાનો ખર્ચ વર્ષે ૧૧-૧૨ ટકાની સરેરાશથી વધે છે. જયારે છેલ્લા પાંચ-સાત વર્ષથી તેમાં વધારો માત્ર ૨-૩ ટકાના ધોરણે જ થયો છે. આ સંજોગોમાં વીમા પ્રિમીયમમાં નોંધપાત્ર વધારો કરવો પડે તેમ છે. ૨૦ ટકા વધારો કરવાની ગણતરી છે વીમા નિયમનકાર ઈરડા દ્વારા દર વર્ષે વીમાદાવાને ગણતરીમાં રાખીને થર્ડ પાર્ટી વિમા પ્રિમીયમમાં વધારાની છૂટ આપવામાં આવતી હોય છે. વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૮ માં થર્ડ પાર્ટી વિમા પ્રિમીયમમાં મોટો વધારો કરાયો હતો પરંતુ ત્યારપછીનાં સાત વર્ષોથી માત્ર ૨-૩ ટકાના દરે જ વધારો થયો છે. ૨૦૨૩ અને ૨૦૨૪ માં થર્ડ પાર્ટી વીમા દાવાનો રેશીયો ૮૨ ટકા થયો છે. એટલે નોંધપાત્ર વધારો માંગવામાં આવ્યો છે. ન્યુ ઈન્ડીયા ઈુસ્યોરન્સનાં દાવા રેશીયો ત્રીજા ત્રિમાસીક ગાળામાં ૧૦૨ ટકાએ પહોંચ્યો છે. તો ડીજીટનો રેશીયો ૬૧ ટકાથી વધીને ૬૫ ટકા થયો હતો. વિપરીતપણે મોટર નુકશાની રેશીયોમાં સતત ઘટાડો છે. થર્ડ પાર્ટી વિમા પ્રિમીયમ વાહનનાં એન્જીનની સાઈઝ મુજબ નકકી થયુ હોય છે. ૧૦૦૦ સીસીની નાની કારનુ રીન્યુઅલ પ્રિમીયમ ૨૧૦૦ રૂપિયાથી વધીને ૨૫૦૦ થઈ શકે છે. ૧૫૦૦ સીસી સુદીની કારનું પ્રિમીયમ રૂા.૩૪૦૦ થી વધીને ૪૦૦૦ થઈ શકે છે. મોટર કારનાં કાયદા પ્રમાણે વાહનમાં થર્ડ પાર્ટી વિમો ફરજીયાત છે.

# જમ્મુ અને કાશ્મીરના ગાઢ જંગલોમાં થયેલી ભીષણ અથડામણમાં ત્રણ આતંકવાદીઓ ઠાર

## ચાર દિવસથી ઘેરાયેલા આતંકવાદીઓનો સફાયો : બે જવાન ઘાયલ

**મુખ્ય સમાચાર,શ્રીનગર**

જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લાના ગાઢ જંગલોમાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા, જ્યારે જમ્મુ અને કાશ્મીર પોલીસના ત્રણ જવાનો શહીદ થયા હતા બે અન્ય ઘાયલ થયા હતા. આ એન્કાઉન્ટર છેલ્લા ૪ દિવસથી કઠુઆના જંગલોમાં ચાલી રહેલા આતંકવાદ વિરોધી ઓપરેશનનો એક ભાગ હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ચારથી પાંચ આતંકવાદીઓ ગાઢ જંગલોમાં છૂપાયેલા હતા. સુરક્ષા દળોએ તેમનું ચોક્કસ સ્થાન શોધી કાઢ્યું હતું, ત્યારબાદ ભારે ગોળીબાર શરૂ થયો હતો. આ એન્કાઉન્ટર હીરાનગર સેક્ટરથી લગભગ ૩૦ કિમી દૂર જાખોલ ગામ પાસે થયું હતું.

રવિવાર પહેલું એન્કાઉન્ટર થયું હતું, જેમાં આતંકવાદીઓને ઘેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ તેઓ ભાગી જવામાં સફળ રહ્યા હતા. ભારતીય સેનાના ખાસ દળો આતંકવાદીઓને ખતમ કરવા માટે ઓપરેશનમાં સામેલ થયા હતા.

જમ્મુ અને કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) નલિન પ્રભાત પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.



સુરક્ષા એજન્સીઓને શંકા છે કે ગુરુવારે થયેલા એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા આતંકવાદીઓ એ જ છે જે રવિવારે હીરાનગર એન્કાઉન્ટર દરમિયાન ભાગી જવામાં સફળ રહ્યા હતા.

પોલીસ, સેના, NSG, BSF અને CRPF સાથે મળીને આ ઓપરેશન ચલાવી રહ્યા છે. યુએવી, ડ્રોન, બુલેટપ્રૂફ વાહનો અને અન્ય આધુનિક સર્વેલન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

આતંકવાદીઓને પકડવા માટે સુરક્ષા દળોએ થર્મલ ઈમેજિંગ, ડ્રોન, હેલિકોપ્ટર, બુલેટપ્રૂફ વાહનો અને સ્નિફર ડોગ્સની મદદથી મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. સોમવારે હીરાનગર વિસ્તારમાં સર્ચ ઓપરેશન દરમિયાન ખજ કાર્બાઈનના ચાર લોડેડ મેગેઝિન, બે ગ્રેનેડ, બુલેટપ્રૂફ જેકેટ, સ્લીપિંગ બેગ, ટ્રેકસુટ, ખાદ્ય પદાર્થો અને IED બનાવવાની સામગ્રી મળી આવી હતી.

# મ્યાનમારમાં ૭.૭ની તીવ્રતાનો ભૂકંપ

## દિલ્હીથી બેંગકોક સુધી ધરા ધ્રુજી; ફ્લાયઓવર ધરાશાયી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

મ્યાનમારમાં શુક્રવારે સવારે ૧૧:૫૦ વાગ્યે ૭.૭ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો, જેના આંચકા ભારતના દિલ્હી-ગઈછ સહિત ઘણા પડોશી દેશોમાં અનુભવાયા. યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે (ઞજાક્ષ્જી)ના જણાવ્યા મુજબ, ભૂકંપનું કેન્દ્ર મ્યાનમારના સગાઈંગથી ૧૨ કિલોમીટર દૂર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું. આ ભૂકંપની અસર બાંગ્લાદેશ, લાઓસ, થાઈલેન્ડ, ચીન સહિત ભારતમાં પણ જોવા મળી, જ્યાં લોકોમાં ભયનો માહોલ સર્જાયો અને લોકો ઘરો તથા ઓફિસોમાંથી બહાર દોડી આવ્યા. USGSના અહેવાલ મુજબ, આ ભૂકંપની તીવ્રતા ૭.૭ હતી અને તે મ્યાનમારના સગાઇંગ શહેરથી ૧૨ કિલોમીટર દૂર આવ્યો હતો. ભૂકંપની ઊંડાઈ ફક્ત ૧૦ કિલોમીટર હોવાથી તેના આંચકા વધુ વ્યાપક વિસ્તારમાં અનુભવાયા. આ શક્તિશાળી ભૂકંપે મ્યાનમારના આસપાસના દેશોમાં પણ તીવ્ર આંચકા પેદા કર્યા, જેના કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોમાં ગભરાટ ફેલાયો.

ભારતની રાજધાની દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (ગઈછ)માં ભૂકંપના આંચકા અનુભવાતાં લોકો ભયભીત થઈ ગયા. ઘણા લોકો ઈમારતોમાંથી બહાર દોડી આવ્યા અને ખુલ્લી જગ્યાઓમાં આશરો લીધો. દિલ્હી-ગઈછમાં નુકસાનની હજુ સુધી કોઈ માહિતી મળી નથી, પરંતુ



સ્થાનિક અધિકારીઓ સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં પણ ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, લોકો ભયભીત થઈને ઘરો અને ઓફિસની ઈમારતોમાંથી બહાર શેરીઓમાં દોડી આવ્યા હતા. ઘણી જગ્યાએ સ્વિમિંગ પૂલમાંથી પાણી બહાર છલકાઈ ગયું, જે ભૂકંપની તીવ્રતાનો સંકેત આપે છે. બેંગકોકમાં લોકોએ સલામતી માટે તાત્કાલિક પગલાં લીધાં હતાં.

# યુપીઆઈ ટ્રાન્ઝેકશન પર ફી લગાવાશે તો ૭૩ ટકા યુઝર્સ ઉપયોગ કરવાનું બંધ કરી દેશે

- **મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ લાગુ થયો તો મોટાભાગનાં દુકાનદાર તે ગ્રાહકો પર થોપી દેશે**





**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જો સરકાર યુપીઆઈ ટ્રાન્ઝેકશન પર ફી લગાવે છે તો ૭૩ ટકા યુઝર્સ તેનો ઉપયોગ કરવાનું બંધ કરી દેશે.લોકલ સર્કલ્સના સર્વેમાં આ બાબત બહાર આવી છે. અનેક યુઝર્સનું માનવુ છે કે જો મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆઈ) લાગુ થયો તો મોટાભાગના દુકાનદાર આ ચાર્જ સીધો ગ્રાહક પર જ થોપી દેશે.

એજન્સીના અનુસાર ડિઝીટલ પેમેન્ટ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા (પીસીઆઈ)એ પીએમ મોદીને પત્ર લખીને યુપીઆઈ ટ્રાન્ઝેકશન પર ૦.૩ ટકા મર્ચન્ટ ડીસ્કાઉન્ટ રેટ (એમડીઆર)લગાવવાની માંગ કરી છે. પીસીઆઈએ રૂપે ડેબીટ કાર્ડ ટ્રાન્જેકશન પર પણ એમડીઆર લગાવવાની વાત કહી છે.

૧૨ ટકા લોકો કહે છે દરેક ટ્રાન્ઝેકશન પર ફિક્સ રેટ ૨ ટકા કરે છે.ટ્રાન્ઝેકશન વેલ્યુનો એક ટકો ૧૨ ટકા લોકો કહે છે એક નિશ્ચિત લીમીટ સુધી ફીક્સ રેટ ૭૩ ટકા લોકો કહે છે કોઈ ચાર્જ હોવો જ ન જોઈએ. ચાર્જ હશે તો ઉપયોગ બંધ ૨ ટકા લોકોએ કહ્યું હતું કે કંઈ કહી ન શકાય આ સર્વેમાં ૧૬૨૯૫ લોકો સામેલ હતા.

૧૫ ટકા લોકોએ ૧૦ વાર કે તેથી વધુ વાર ૧૧ ટકા લોકોએ કહ્યું ૬ થી ૯ વાર, ૮ ટકા લોકોએ કહ્યું હતું ૧ થી ૨ વાર ૬૦ ટકા લોકોએ કહ્યું હતું. કયારેય નહીં આ સર્વેમાં ૧૬૪૪૫ લોકો સામેલ હતા.

યુઝર્સ પાસેથી ફી વસુલવાનો મામલો ૨૦૨૨ માં ત્યારે બહાર આવ્યો જયરે આરબીઆઈએ એક ફી સ્ટ્રકચરનો પ્રસ્તાવ મુકયો હતો પણ આ પ્રસ્તાવને આગળ સરકારે કહેલુ કે તે કોઈ ચાર્જ નહિં લગાવે.

# ડ્રિન્ક એન્ડ ડ્રાઈવમાં અકસ્માત સર્જનાર ટીન એજર્સથી લઇ તેના માતાપિતાને પણ સજા

## સગીરોનાં કેસમાં માતા - પિતા સામે અકસ્માત અને હત્યા સુધીની કલમો લાગશે : વાહનનું રજીસ્ટ્રેશન પણ રદ કરાશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાતમાં સતત વધતા જતા ડ્રિન્ક એન્ડ ડ્રાઈવનાં કેસોમાં અકસ્માત તથા રાહદારીથી નાના વાહનો પર જતા લોકોને કચડી નાખવાની અને નાસી જવાની ઘટનામાં હવે પોલીસ આકરા હાથે કામ લઈ રહી છે. હવે આ પ્રકારનાં ડ્રિન્ક એન્ડ ડ્રાઈવમાં અકસ્માત સર્જનાર ટીન એજર્સથી તેનાં માતાપિતાને પણ સજા થશે.

અમદાવાદનાં પોલીસ કમિશ્નર શ્રી જી.એસ.મલીકે એક મુલાકાતમાં જણાવ્યું કે, ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના કેસમાં ડ્રાઈવરનું નામ ફોટો અને અકસ્માતની હીસ્ટ્રી પોલીસ વેબસાઈટ પર મુકાશે જે તેના ક્રિમીનલ રેકોર્ડ બનાવવા જેવુ હશે. ખાસ કરીને હાલ ધનવાન કુટુંબોનાં નબીરાઓ આ પ્રકારનાં ડ્રિન્ક એન્ડ ડ્રાઈવમાં વધુને વધુ અકસ્માત સર્જે છે અને પછી તેઓ નાણા ઓળખાણનાં જોરે પોલીસ પર પણ દબાણ લાવે છે.

જામીન પર તાત્કાલીક છુટી જાય છે પણ પોલીસ કમિશ્નર શ્રી મલીકે કહ્યું કે હવે તેઓને જીવનભર આ પ્રકારની ઘટનાઓનો બોજો લઈને ફરવુ પડે તેવી સ્થિતિ બનાવાશે જેથી તે બીજા માટે એક બોધપાઠ પણ બની જશે.

ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના કેસમાં અપરાધ સાબીત થયા બાદ ડ્રાઈવરનું નામ-ફોટો-અને તેની હીસ્ટ્રી પોલીસ વેબસાઈટ પર હશે જે તેને ભવિષ્યમાં પાસપોર્ટ અરજી સરકારી નોકરી મેળવવા કે સારી શૈક્ષણીક સંસ્થાઓમાં એડમીશન મેળવવામાં પણ તકલીફ સર્જશે અનો રાજયની જે તે સંસ્થામાં ભરતીની પ્રક્રિયા અપનાવે છે.

તેઓને આ તપાસી રેકર્ડ ઉપલબ્ધ બનાવાશે ખાસ કરીને ટીનએજર અને યુવા વર્ગ જે હજુ કારકીર્દીનો પ્રારંભ કરતાં હોય તેને પણ આ સ્થિતિ મુશ્કેલી સર્જશે કેટલાંક પાસપોર્ટ મેળવવામાં પોલીસ રેકોર્ડની જે ચકાસણી થાય છે તે પણ આ રેકોર્ડ જોશે તેથી પાસપોર્ટ મેળવવામાં મુશ્કેલી પડી શકે છે.

ખાસ કરીને શ્રીમંત કુટુંબનાં ટીનએજ નબીરાઓ જે રીતે એસયુવી વિ.વાહનો બેફામ ઝડપે ચલાવીને અકસ્માત સર્જે છે તેમાં હવે તેમનાં વાલી માતાપિતા સામે હ્ત્યા સહીતના અપરાધોની કલમો લાગી શકે છે અને



તેઓની મુશ્કેલી વચ્ચે શ્રી મલીકે જણાવ્યું કે અમો આ અંગે ગંભીરતાપૂર્વક આગળ વધીએ છીએ.

સંતાનોને ગાડીની ચાવી સોંપતા પૂર્વે માતા પિતાઓએ વિચાર કરવો પડે તે નિશ્ચિત કરવુ. અને આ પ્રકારે ઘાતક અકસ્માતો જે વાહનનો,ઉપયોગ થયો હોય તેનુ રજીસ્ટ્રેશન પણ રદ કરવા માટે આરટીઓને જણાવશે.

અમદાવાદ પોલીસે ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના કેસમાં બે દિવસમાં ૧૩૭ કેસો નોંધ્યા છે અને આ તો ફકત શરૂઆત છે. હવે આ પ્રકારનાં કેસમાં વધુ આકરી કલમો લાગશે જેથી તેઓ સહેલાઈથી છુટી શકશે પણ નહિં તે પોલીસ નિશ્ચિત કરશે.

# મોરબીમાં ફ્રેન્ચાઈઝ આપવાના બહાને ફ્રોડ કરનાર આંતરરાજ્ય ગેંગના મુખ્ય સૂત્રધારની સાયબર ક્રાઈમ દ્વારા ધરપકડ

**મુખ્ય સમાચાર,મોરબી**

ફ્રેન્ચાઈઝી આપવાના બહાને દેશભરના નાગરિકો સાથે કરોડો રૂપિયાની ઠગાઈ કરનારા આંતરરાજ્ય ગેંગના મુખ્ય સૂત્રધારને મોરબી સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા છત્તીસગઢના ભીલાઈ શહેરમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત આરોપી અને તેની ગેંગ વિરુદ્ધ મોરબી, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં ફ્રેન્ચાઈઝી આપવાના બહાને ઓનલાઈન કરોડોની વિશ્વાસઘાત છેતરપિંડી કર્યા અંગેની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં મોરબીના હીરેનભાઈ પુજારા સાથે TATA ZUDIO ની ફ્રેન્ચાઈઝી અપાવવાના બહાને રૂ.૨૮.૦૩ લાખની ઠગાઈ થઈ હતી. સાયબર ક્રાઈમ પોલીસે ઓનલાઈન ફ્રોડમાં સંડોવાયેલા આરોપી સુધી પહોંચી, તેને છત્તીસગઢથી ઝડપી લીધો હતો. આરોપી જુદા-જુદા બ્રાન્ડના નામે ૯૦ થી વધુ નકલી વેબસાઈટ ચલાવતો હતો અને અનેક નાગરિકો સાથે છેતરપીંડી કરી હતી.

મોરબીના વાઘપરા વિસ્તારમાં રહેતા હીરેનભાઈ પુજારા TATA ZUDIO ની ફ્રેન્ચાઈઝી લેવા ઈચ્છતા હતા. જેથી તેમણે TATAZU DIOPAR TNER.IN નામની વેબસાઈટ પર વિગતો નોંધાવી હતી, ત્યારબાદ ફોન અને ઈ-મેલ દ્વારા સંપર્ક કરી, ફ્રેન્ચાઈઝી માન્ય થયાનું પ્રમાણપત્ર આપીને રૂ.૨૮,૦૩,૫૦૦/- અલગ અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવ્યા હતા. બાદમાં તેઓને ના તો ફ્રેન્ચાઈઝી મળી કે ન ટ્રાન્સફર કરેલ રૂપિયા. જેથી ભોગ બનનાર દ્વારા મોરબી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ઉપરોક્ત તમામ બેંક ખાતા ધારક અને મોબાઈલ નંબર ધારક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

મોરબી સાયબર ક્રાઈમ પોલીસે આ ઓનલાઈન ટ્રાન્જેક્શનને ટ્રેક કરતાં જાણવા મળ્યું કે પ્રથમ રૂપિયા જમ્મુ-કાશ્મીરમાં જમા કરાવી, બાદમાં બીહાર અને છત્તીસગઢમાં ટ્રાન્સફર કરાયા હતા. મોરબી પોલીસે પ્રથમ ગેંગને પકડવા માટે બીહારમાં તપાસ હાથ ધરી હતી, પરંતુ આરોપીઓ પલાયન કરી ગયા હતા.

ત્યારે મોરબી સાયબર ક્રાઈમ પોલીસ ટીમની વધુ તપાસમાં આરોપી અને તેની ગેંગ દ્વારા TATA ZUDIO, BSNL, CNG પંપ, મુદ્રા લોન, રોયલ એનફિલ્ડ, Domino's Pizza, KFC, Burger King, Camp Cola, Indian Oil જેવી ૯૦ થી વધુ નકલી વેબસાઈટ બનાવી ફ્રેન્ચાઈઝી, લોન કે ડીલરશીપ આપવાના નામે લાખો રૂપિયાની ઠગાઈ કરવામાં આવતી હતી. આ સાથે મોરબી સાયબર ક્રાઈમ પોલીસે અલગ દિશામાં તપાસ કરતા આ સમગ્ર ઓનલાઈન ફ્રોડ ગેંગનો



મુખ્ય સૂત્રધાર આરોપી રિતુઆનંદ પરમેશ્વર પ્રસાદ સિંહ મૂળ નિવાસી ઝારખંડ હાલ રહે.ભીલાઈ, છત્તીસગઢવાળો ભીલાઈ, છત્તીસગઢમાંથી આ ઓનલાઈન ઠગાઈનું સંચાલન કરતો હતો. પોલીસે તેને પકડવા ત્યાંના સ્થાનિક અને ટેકનિકનો ઉપયોગ કરી લોન્ડ્રી વાળા બની આરોપીને તેના રહેણાંક મકાનેથી ઝડપી લેવામાં આવ્યો હતો.

મોરબી સાયબર ક્રાઈમ પોલીસ ટીમ દ્વારા પકડાયેલ આરોપી Rimobit Infotech નામની કંપની ચલાવતો હતો, જેનાથી તે નકલી વેબસાઈટ બનાવી અને ડિજિટલ જાહેરાતો ચલાવી ફ્રોડ કરતો હતો. આરોપી દ્વારા મોરબીમાં રૂ.૨૮.૦૩ લાખ, રાજસ્થાનમાં રૂ.૩૩.૨૫ લાખ અને મહારાષ્ટ્રમાં રૂ.૫૪.૭૦ લાખ સહિત કુલ રૂ.૧.૧૫ કરોડથી વધુની ઠગાઈ કરી હોવાની વિગતો તપાસ દરમિયાન બહાર આવી છે. હાલ, પ્રારંભીક તપાસમાં પોલીસ દ્વારા કુલ રૂપીયા ૧,૧૫,૯૮,૦૦૦/- ના સાયબર ફ્રોડના ૩ ગુન્હાઓનો ભેદ ઉકેલવામાં આવેલ છે તથા આરોપી દ્વારા કુલ-૯૦ વેબસાઈટ બનાવી સામાન્ય નાગરીકોને વિવિધ ફ્રેન્ચાઈઝ આપવાના બહાને સબમીટ કરાવેલ હજારો ફોર્મની વિગતો મેળવી ભારત દેશના કયાં કયાં રાજ્યોમાં આરોપીઓ દ્વારા ફ્રોડ કરવામાં આવ્યુ છે, તે બાબતે આગળની તપાસ મોરબી સાયબર ક્રાઈમ પોલીસ ચલાવી રહી છે.

# ઊનાના નવાબંદર ગામે ટોકન લીધા વગર ગેરકાયદેસર માછીમારી કરતા બોટ માલીક વિરૂધ્ધ કાર્યવાહી કરતી ગીર સોમનાથ પોલીસ

## ગુજરાત મત્સ્યોદ્યોગ અધિમનિયમ મુજબ ગુનો દાખલ કર્યો

**મુખ્ય સમાચાર અબ્દુલ પઠાણ ઉના**

ગીર સોમનાથ એસ.ઓ.જી. પોલીસ નિલેશ જાજડીયા પોલીસ મહાનિરીક્ષક જુનાગઢ વિભાગનાઓ તથા મનોહરસિંહ જાડેજા પોલીસ અધિક્ષક ગીર સોમનાથ નાઓ તરફથી અનઅધિકૃત રીતે દરીયામાં માછીમારી કરતા બોટ/હોડી માલીકો વિરૂધ્ધ સખ્ત કાર્યવાહી કરવા આપેલ સુચના મુજબ,શ્રી એન.એ. વાઘેલા, ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર, એસ.ઓ.જી. ગીરસોમનાથ તથા એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા દરિયાઈ પેટ્રોલીંગ તથા બોટ/હોડી ચેકીંગ દરમ્યાન નવાબંદર બંદર નવી જેટી ખાતે અલ





હાસમી બોટના માલીક/સંચાલકે દરીયામાં માછીમારી કરવા અંગે બોટનુ ઓનલાઈન એન્ટ્રી/ટોકન લીધા વગર દરીયામાં ગેરકાયદેસર માછીમારી કરતા મળી આવતા, નીચે જણાવેલ વિગતેના બોટ માલીક વિરૂધ્ધ નવાબંદર મરીન પો.સ્ટે.માં ગુજરાત મત્સ્યોધોગ નિયમો(સુધારા) ૨૦૨૦ મુજબ ગુન્હો રજી.કરાવી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ. બોટ માલીકનું નામ બચુભાઈ હુસેનભાઈ સમા ઉ.વ.-૫૨ રહે.નવાબંદર બંદર, તા.ઉના, જી.ગીરસોમનાથ

# મોરબી જીલ્લામાં ૧૦૦ બટાલિયન રેપિડ એક્શન ફોર્સની છ દિવસીય પરિચય હેતુ કવાયત

## જીલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું મૂલ્યાંકન

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લામાં ૨૬ માર્ચથી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી ૧૦૦ બટાલિયન રેપિડ એક્શન ફોર્સની એક પ્લાટૂન પરિચય કવાયત માટે મોરબી જીલ્લામાં હાજર રહેશે. કમાન્ડન્ટ શ્રી રતુલ દાસના આદેશ મુજબ અને સહાયક કમાન્ડન્ટ અશોક કુમાર શર્માના નેતૃત્વ હેઠળ આ કવાયત યોજાઈ છે. આ અભિયાન અંતર્ગત ટીમ સ્થાનિક પ્રશાસન અને નાગરિકોની વચ્ચે રહી તમામ સાથે ચર્ચા કરીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે માહિતી મેળવશે. મોરબી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે ૧૦૦ બટાલિયન રેપિડ એક્શન ફોર્સ (છઅ×) ની એક પ્લાટૂન ૨૬ માર્ચથી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી પરિચય કવાયત માટે હાજર રહેશે. આ કવાયત ૧૦૦ બટાલિયનના કમાન્ડન્ટ રતુલ દાસના આદેશ અને સહાયક કમાન્ડન્ટ અશોક કુમાર શર્માના નેતૃત્વ હેઠળ આયોજિત કરવામાં આવી છે. પરિચય કવાયતનો મુખ્ય હેતુ જીલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષક સાથે સંકલન સ્થાપિત કરીને સંવેદનશીલ અને અત્યંત સંવેદનશીલ વિસ્તારોની સમીક્ષા કરવી, તેમજ સ્થાનિક નાગરિકો, સામાજિક કાર્યકરો અને અન્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથે ચર્ચા કરીને ભૂતકાળમાં થયેલા રમખાણો અને અન્ય અસ્થિર પરિસ્થિતિઓ અંગે માહિતી મેળવવાનો છે. આ કવાયતના અંતર્ગત ટીમે મોરબી જીલ્લાની ભૂગોળ, સામાજિક માળખું અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે મહત્વપૂર્ણ જાણકારી એકત્રિત કરવી અને કટોકટીની




પરિસ્થિતિમાં અસરકારક પ્રતિસાદ આપવાની યોજના તૈયાર કરવાનો છે.

મહત્વનું છે કે આ અભિયાન અંતર્ગત છઅ× ની ટીમ સ્થાનિક નાગરિકોમાં વિશ્વાસ સ્થાપિત કરવા માટે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ, જેમ કે સ્વચ્છતા અભિયાન અને રમતગમતના આયોજનમાં પણ ભાગ લેશે. આ પરિચય કવાયતનો હેતુ નાગરિકોને સુરક્ષિત અનુભવ અપાવવા ઉપરાંત, સ્થાનિક પોલીસને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સહાયરૂપ થવાનો છે. ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી આ ટીમ મોરબી જીલ્લામાં હાજર રહી પરિચય કવાયત કરશે.

# જામનગર શહેરના મુખ્ય રોડ પરના દબાણો હટાવવા માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી





જામનગર શહેરમાં ખાસ કરીને મુખ્ય જાહેર રોડ પર રેકડી કેબીનના દબાણો ખુબજ વધી ગયા છે, અને ટ્રાફિકજામની દિન પ્રતિદિન સમસ્યા સર્જાતિ રહે છે.આવી પરિસ્થિતિમાંથી પ્રજાજનોને મુક્તિ અપાવવા માટે જામનગર મહાનગરપાલિકાના કમિશનર દ્વારા સખ્ત કાર્યવાહી કરવામાં આવી રહી છે, અને શહેરના મુખ્ય રોડ પરના દબાણો હટાવવા માટેની વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી તે જુંબેશના ભાગરૂપે અંબર ચોકડી થી પંચવટી સુધીના માર્ગ પર એસ્ટેટ શાખાની ટુકડીને દોડતી કરાવાઈ હતી, અને જાહેર માર્ગ ઉપર ખડકી દેવાયેલી એક ડઝનથી વધુ રેકડી-કેબીનો જપ્ત કરીને મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવી દેવામાં આવી છે. આ ઉપરાંત કેટલાક પથારાઓ તથા અન્ય મંડપ સહિતના દબાણો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું, જે પણ હટાવી લેવામાં આવ્યા છે. અને મોટાભાગે મુખ્ય માર્ગ ખુલ્લો કરાવી દેવામાં આવ્યો છે.એસ્ટેટ શાખાની આ કાર્યવાહીને લઈને અંબર ચોકડીથી પંચવટી સુધીના માર્ગે રેકડીના ધંધાર્થીઓમાં ભારે નાશ ભાગ થઈ હતી. જી.જી. હોસ્પિટલની સામેના ભાગમાં આવેલી દુકાનો, કે જેના વેપારીઓ દ્વારા રોડ પર કેટલોક માલ સામાન રાખવામાં આવે છે, તે પણ કબજે કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યાં પણ ટ્રાફિકજામની પ્રતિદિન ખૂબ જ સમસ્યા રહે છે.

# વાંકાનેરમાં ભાટીયા સોસાયટી ખાતે ગર્ભ સંસ્કાર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

## દાતાઓ દ્વારા સગર્ભા મહિલાઓને પૌષ્ટિક કીટનું વિતરણ કરાય

**મુખ્ય સમાચાર,મોરબી**

તા.૨૭/૦૩ ના રોજ વાંકાનેરમાં ઘટક-૨ દ્વારા સત્સંગ હોલ, ભાટિયા સોસાયટી ખાતે ગર્ભ સંસ્કાર માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના ભાગરૂપે સગર્ભા મહિલાઓને ગર્ભ સંસ્કાર બાબતે અમુલ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા ગાયત્રી મંત્ર અને ઓમકારનું ઉચ્ચારણ કરાવવામાં આવ્યું હતું. ઉપરાંત જીલ્લા પ્રોગ્રામ ઓફિસર તેમજ આઈ.સી.ડીસ.એસના તમામ સ્ટાફ ઉપસ્થિત રહી સગર્ભા બહેનોને પોષણ અને આરોગ્ય બાબતે સૂચનો આપ્યા હતા. કાર્યક્રમમાં સર્ગભા બહેનોને દાતાઓ દ્વારા પૌષ્ટિક કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.



# મોરબી સેનેટરીવેર ડિવિઝનના પ્રમુખ તરીકે અજયભાઈ મારવાણિયાની સર્વસંમતીથી વરણી

- પૂર્વ પ્રમુખ કિરીટભાઈ પટેલે ટ્રેડના વિકાસ માટેની યાત્રાને યાદ કરી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સિરામિક એસોસિએશનના સેનેટરીવેર ડિવિઝનના પ્રમુખ તરીકે અજયભાઈ મારવાણિયાની સર્વસંમતીથી વરણી કરવામાં આવી છે. આ સાથે પૂર્વ પ્રમુખ કિરીટભાઈ પટેલે ૨૦૧૨-૧૩થી સતત ટ્રેડમાં સેવા આપી હતી અને હવે તેઓ આ મહસ્તવપૂર્ણ દાયિત્વ અજયભાઈને સોંપી રહ્યા છે. મોરબી સિરામિક ઉદ્યોગ માટે મહત્ત્વપૂર્ણ એવા મોરબી સિરામિક એસોસિએશનના સેનેટરીવેર ડિવિઝન માટે અજયભાઈ મારવાણિયાને નવા પ્રમુખ તરીકે નિમવામાં આવ્યા છે. આ વરણી સર્વસંમતિથી કરવામાં આવી છે. આ



તકે કિરીટભાઈ પટેલે ટ્રેડ માટેની યાત્રાને યાદ કરતા જણાવ્યું કે, ૨૦૧૨-૧૩ થી અત્યાર સુધી સેનેટરીવેર ઉદ્યોગના વિકાસ અને ઉદ્યોગજગત વચ્ચેના આપસી સંબંધો વિકસાવવા માટે અનેક પ્રયાસો કર્યા. તેમણે ઉદ્યોગના પ્રશ્નો ઉકેલવા અને નવાં વલણો અપનાવવા માટે સમર્પિત સેવા આપી હતી. ત્યારે હવે, ટ્રેડનું નેતૃત્વ અજયભાઈ મારવાણિયા સંભાળશે તેમ તેઓએ જણાવ્યું હતું, આ સાથે નવા પ્રમુખ અજયભાઈ મારવાણિયાને ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ વેપારીઓ અને ઉદ્યોગકારો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# મોરબીના જુના નાગડાવાસ ગામે રહેણાંકમાં જુગારની બાજી માંડી બેઠેલા સાત પકડાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકા પોલીસને મળેલ બાતમીને આધારે સ્ટાફે મોરબીના માળિયા હાઈવે ઉપર આવેલા જૂના નાગડાવાસ ગામે રહેણાંક મકાનમાં રેડ કરી હતી.ત્યારે ત્યાં મકાનમાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવીને જુગાર રમવામાં આવતો હતો.જેથી જુગાર રમી રહેલા સાત ઈસમો રોકડ રકમ સાથે પકડાયા હોય પોલીસે સાતેયની સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

મોરબી તાલુકા પોલીસ મથકના સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે સ્ટાફને મળેલ બાતમીને આધારે મોરબીના નાગડાવાસ ગામે રામજીમંદીરની બાજુમાં રહેતા હિતેશભાઈ ભોગીલાલ મહેતા (બ્રાહ્મણ) ના રહેણાંક મકાનમાં આજ તા.૨૭-૩ ના વહેલી સવારે એકાદ વાગ્યે રેડ કરવામાં આવી હતી. ત્યારે ત્યાં રહેણાંક મકાનમાં



જુગાર રમવામાં આવી રહ્યો હોય ઘરધણી હિતેષભાઈ ભોગીલાલ મહેતા (ઉ.વ.૪૯) ધંધો ગેરેજ રહે.જુના નગડાવાસ, પ્રશાંતભાઈ ઉર્ફે હકાભાઈ પ્રભાતભાઈ ધ્રાંગા (ઉ.વ.૪૩) રહે.વિધુત્તનગર સર્કિટ હાઉસની સામે મોરબી-૨, બિજલભાઈ અણદાભાઈ સુરેલા (ઉ.વ.૪૨) રહે.સોખડા, દિલીપભાઈ લાભુભાઈ સુરેલા (ઉ.વ.૫૨) રહે.સોખડા, જયેશભાઈ ઉર્ફે જયલો ગગુભાઈ મીયાત્રા (ઉ.વ.૩૬) રહે.જુના નાગડાવાસ, માવજીભાઈ સુખાભાઈ રાઠોડ (ઉ.વ.૬૦) રહે.જુના નાગડાવાસ અને વનરાજભાઈ રામજીભાઈ થરેસા (ઉ.વ.૪૦) રહે.જુના નાગડાવાસ જુગાર રમતા મળી આવેલ હોય રૂા.૬૯,૦૫૦ ની રોકડ જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધીને કાર્યવાહી કરવામાં આવી હતી.

# તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ ૨૩ ખોવાયેલા મોબાઈલ શોધી અરજદારોને પરત અપાયા



મોરબી જીલ્લામાં CEIR પોર્ટલના ઉપયોગ દ્વારા ૨૩ ખોવાયેલા/ચોરાયેલા મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યા હતા. આ મોબાઈલની અંદાજીત કિંમત રૂ. ૩,૪૦,૪૮૬/- છે. ત્યારે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પોલીસે તમામ અરજદારોને પોલીસ મથકે બોલાવી એકસાથે પરત આપ્યા હતા. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીએ પ્રજા માટે ઉપયોગી અને જનહિતકારક કામગીરી કરવાની સૂચના કરી હોય જે અનુસંધાને મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકના કોન્સ. દેવાયતભાઈ રાઠોડ, માળીયા મીયાણા પોલીસ સ્ટેશનના કોન્સ. રાજદિપસિંહ ઝાલા તથા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના કોન્સ. શોભનાબેન મેર દ્વારા CEIR પોર્ટલનો ઉપયોગ કરી CEIR મા એન્ટ્રી કરી સતત મોનીટરીંગ રાખી ટેકનીકલ વર્ક આઉટ કરી ૨૩ જેટલા મોબાઈલ કિ.રૂ. ૩,૪૦,૪૮૬/- શોધી કાઢવામાં આવ્યા હતા. જેમાં મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૧૫ મોબાઈલ કિ.રૂ. ૨.૦૬ લાખ, જ્યારે માળીયા મિયાણા પોલીસ સ્ટેશનના ૩ મોબાઈલ રૂ. ૬૨,૯૯૯/- તેમજ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના ૫ મોબાઈલ રૂ. ૭૧,૪૮૭/- શોધી તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ હેઠળ તમામ અરજદારોને પોલીસ મથકે બોલાવી, મોબાઈલ એક સાથે પરત અપાવી સુરક્ષા સાથે સેવાનુ ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે એ સુત્ર મોરબી પોલીસે સાર્થક કરેલ છે.

# મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત જામનગર જિલ્લાની ૨૯ ગૌશાળાઓ તથા પાંજરાપોળ માટે રૂ. 3.23 કરોડની આર્થિક સહાય

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જામનગર ખાતે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે જિલ્લા કક્ષાની સમિતિની બેઠક યોજવામાં આવી હતી.જેમાં જિલ્લા કલેકટર કેતન ઠક્કર દ્વારા પાત્રતા ધરાવતી સંસ્થાઓની ગૌમાતા પોષણ યોજના અંતર્ગત આવેલી અરજીઓને ધ્યાને લઈ સહાય માટે મંજૂરી અપાઈ છે.આ યોજના અંતર્ગત ઓક્ટોબર-૨૦૨૪ થી ડિસેમ્બર-૨૦૨૪ ત્રીજો હપ્તો વર્ષ ૨૦૨૪-૨૫)ના કુલ ૯૨ દિવસ પ્રમાણે પ્રતિ દિન રૂ. ૩૦ લેખે પશુ નિભાવ સહાય માટે આઈ-ખેડૂત પોર્ટલ પર કુલ ૩૩ સંસ્થાઓની અરજી મળેલ હતી. જે પૈકી જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા દૈનિક પશુઓની સંખ્યા ૧,૦૦૦ થી ઓછી ધરાવતી કુલ ૨૭ સંસ્થાઓની અરજીઓ મંજૂર કરી ચુકવણા અર્થે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગરને મોકલી આપવામાં આવી છે.જ્યારે ૨ સંસ્થાઓની અરજીઓ ઠરાવની શરતો પરિપૂર્ણ ન કરતી હોવાથી નામંજૂર કરવામાં આવેલ હતી અને ૪ સંસ્થાઓએ સમયમર્યાદામાં અરજી રજૂ કરેલ ન હતી.તે પ્રમાણે જ જાન્યુઆરી-૨૦૨૫ થી માર્ચ-૨૦૨૫ ના ૯૦ દિવસ પ્રમાણે પશુ નિભાવ સહાય માટે આઈ-ખેડૂત પોર્ટલ પર કુલ ૩૨ સંસ્થાઓએ અરજી કરેલ હતી. તે પૈકી જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા દૈનિક પશુઓની સંખ્યા ૧,૦૦૦ થી ઓછી ધરાવતી કુલ ૨૯ સંસ્થાઓની અરજીઓ મંજૂર કરી ચુકવણા અર્થે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગરને મોકલી આપવામાં આવી છે. જ્યારે ૨ સંસ્થાઓની અરજીઓ ઠરાવની શરતો પરિપૂર્ણ ન કરતી હોવાથી નામંજૂર કરવામાં આવેલ અને અન્ય ૧ સંસ્થાએ ડુપ્લીકેટ અરજી કરેલ હતી.




આમ, જિલ્લામાંથી કુલ ૨૯ સંસ્થાઓના ત્રીજા તબક્કાના ૫,૮૨૧ અને ચોથા તબક્કાના ૬,૦૩૧ પશુઓ માટે પ્રતિ દિન રૂ.૩૦.પશુ લેખે અનુક્રમે ૧,૬૦,૬૫,૯૬૦ અને ૧,૬૨,૮૩,૭૦૦ મળી કુલ ૩,૨૩,૪૯,૬૬૦ રૂપિયાની સહાય કલેકટર દ્વારા મંજૂર કરવામાં આવી અને ચુકવણા માટે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ,ગાંધીનગરને મોકલી આપવામાં આવી છે.બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, નિવાસી અધિક કલેકટર બી.એન.ખેર, નાયબ પશુપાલન નિયામક તેજસ શુક્લા, જિલ્લા કક્ષાના પ્રતિનિધિઓ, સભ્ય સચિવ, નાયબ પશુપાલન નિયામક જિલ્લા પંચાયત જામનગર ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં રમઝાન ઈદ અને રામનવમી તહેવારોની શાંતિપૂર્ણ ઉજવણી માટે હિન્દુ-મુસ્લિમ શાંતિ સમિતિની બેઠક યોજાઈ



મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે હિન્દુ અને મુસ્લિમ સમાજના આગેવાનોની હાજરીમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તહેવારો દરમિયાન શાંતિ અને એકતા જાળવવા માટે જરૂરી વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી હતી. મોરબી સહિત દેશમાં આગામી સમયમાં આવતા તહેવારોમાં હિન્દુ સમાજનો પવિત્ર રામનવમી ઉત્સવ અને મુસ્લિમ સમાજનો મહત્વપૂર્ણ રમઝાન ઈદ તહેવાર શાંતિપૂર્ણ રીતે ઉજવાય તે માટે મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના આગેવાનો, સામાજિક કાર્યકરો અને પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

# 33% મહિલા અનામત બિલનો અમલ તત્કાલીક ધોરણે કરોઃ રાજકોટ શહેર કોંગ્રેસ મહિલા મોરચો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ભારત દેશમાં 33% મહિલા અનામત બિલ (શક્તિ વંદનબીલ) સંસદમાં પાસ થઈ ગયેલું છે. છતાં પણ તેનો અમલ કરવામાં આવતો નથી, સંસદનાં બન્ને ગૃહમાં મોદી સરકાર પાસે પુરતુ સંખ્યા બળ અને વિરોધ પક્ષોનું સમર્થન હોવા છતાં, ભારતીય જનતા પાર્ટી આ બીલને લાગુ કરતી નથી, જે ભાજપા-આર.એસ.એસની મહિલા વિરોધ માનસિકતાને ઉજાગર કરે છે. કેમ રાજકોટ શહેર કોંગ્રેસ મહિલા મોરચાના પ્રમુખ દીપ્તિબેન સોલંકીએ જણાવ્યું હતું રાજકોટ તથા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ દ્વારા મહિલા સંગઠનની બહેનોની માંગણી છે કે 33% મહિલા અનામત બિલ ઝડપથી લાગુ કરવામાં આવે. ગુજરાતમાં મહિલા સુરક્ષાની મોટી મોટી વાતો અને વાયદા કરવામાં આવે છે, ભારતીય જનતા પાર્ટી દ્વારા આ બાબતે કોઈજ પગલા લેવાતા નથી, મહિલા સુરક્ષા, અત્યાચાર, બળાત્કાર અનેક ક્ષેત્રોમાં થતા મહિલાઓનાં શોષણ સામે સરકાર દ્વારા સુરક્ષા પુરી પાડવામાં આવતી નથી, ભાજપા આ બાબતે બીલકુલ નિષ્ફળ રહી છે, તેઓની માંગણી છે કે મહિલાઓને સુરક્ષા, અને મહિલાઓ ઉપર થતાં અત્યાચાર અને બળાત્કાર અને શોષણનાં ગુનાઓ સામે ગુનેગારોને કડકમાં કડક સજા આપવામાં આવે અને કોર્ટ દ્વારા ઝડપથી આવા કેસોનો નિર્ણય થાય અને ગુનેગારોને સજા આપવામાં આવે.

# લોકાર્પણ કરાયેલ નવી ૨૫ મીડી એ.સી. ઈલેક્ટ્રીક બસના રૂટ જાહેર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટનાં શહેરીજનોને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સિટી બસ સેવા તથા બી.આર.ટી.એસ. બસ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનું સંચાલન રાજકોટ મહાનગરપાલિકાની કંપની, રાજકોટ રાજપથ લી.(SPV) દ્વારા કરવામાં આવી રહેલ છે. આ બંને બસ સેવાનો દૈનિક ધોરણે અંદાજીત ૫૦,૦૦૦ થી વધુ લોકો દ્વારા લાભ લેવામાં આવી રહેલ છે. હાલમાં કરવામાં આવેલ સિનિયર સિટિઝનને ફ્રી મુસાફરીની જાહેરાત અનુસાર અંદાજીત દૈનિક ૭,૦૦૦ થી વધુ લોકો દ્વારા લાભ લેવામાં આવે છે.

મુખ્યમંત્રીશભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા તા. ૨૬ બુધવારના રોજ ૨૫(પચ્ચીસ) મીડી એ.સી. ઈલેક્ટ્રીક બસનુ લોકાર્પણ કરવામાં આવેલ છે જેને તા. ૨૭/૦૩/૨૦૨૫ના રોજ નીચે મુજબના રૂટ પર ચાલુ કરવામાં આવેલ છે, તેમ રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશન તુષાર સુમેરા, શાસક પક્ષ નેતાલીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

જેમાં નીચે મુજબ ના ૦૬(છ) નવા રૂટ પર ૧૮(અઢાર) બસ ઉમેરવામાં આવેલ છે. ૧)રૂટ નં -૫૩ ભકિનગર સ્ટેશન થી જિલ્લા અને સેશન કોર્ટ ૨) રૂટ નં-૬૦ત્રિકોણબાગ થી રાવકી GIDC ૩) રૂટ નં-૬૭ ત્રિકોણબાગ થી ગર્વમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ ૪) રૂટ નં -૮૧ ગોકુલ પાર્ક (માંડા ડુંગર) થી એઈમ્સ હોસ્પિટલ ૫) રૂટ નં -૮૯ ત્રિકોણબાગથી વિઠ્ઠલભાઈ રાદડિયા ચોકડી ૬) રૂટ નં -૯૧ વગળચોક થી ત્રંબા ગામ

આ ઉપરાંત કુલ ૦૪(ચાર) રૂટ માં લોકોની સુવિધા વધારવા માટેવધારાની ૭(સાત) નવી બસોનો વધારો કરવામાં આવેલ છે. ૧) રૂટ નં-૮મવડી ગામ થી ગ્રીનલેન્ડ ચોકડી ૨) રૂટ નં-૨૩શ્રી મનસુખભાઈ છાપીયા ટાઉનશીપ થી પ્રદ્યુમન પાર્ક ૩) રૂટ નં-૩૬ભકિતનગર સર્કલ થી બાધીનું પાટીયું ૪)રૂટ નં-૫૮માધાપર ચોક થી એઈમ્સ હોસ્પિટલ ઉક્ત બસનો ઉમેરો થતા સિટી બસ તથા બીઆરટીએસ સેવા અંતર્ગત હાલમાં કુલ ટોટલ ૨૨૪ બસ દ્વારા કુલ ૭૯ રૂટ પર પરિવહન સેવા પૂરી પાડવામાં આવે છે. તેમજ શહેરમાં સિટી બસ સેવાના હયાત રૂટ તેમજ નવા રૂટ ચાલુ કરવા બાબતે રૂટ રેશનાલાઈઝેશન અંગેની કામગીરીમાં જર્મનીની એજન્સી GIZ સાથે ભારત સરકારના આવાસ, કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA), જર્મન ફેડરલ મિનિસ્ટ્રી ફોર ઈકોનોમિક કો-ઓપરેશન (BMZ) દ્વારા કમિશન્ડ કરાયેલ સસ્ટેનેબલ અર્બન મોબીલીટી, એર ક્વોલીટી, નક્લાઈમેટ એક્શન અને એક્સેસિવીલીટી (SUM-ACA)થ સંબંધિત ક્ષેત્રના પ્રોજેક્ટની અમલવારી માટેનોટેકનીકલ સહ્યોગ વિનામુલ્યે આપવામાં આવી રહેલ છે.

# વિરમગામ - સુરેન્દ્રનગર રેલવે સેકશનમાં બ્લોકથી રેલ વ્યવહારને અસર પડશે

## આજે વેરાવળ - ગાંધીનગર કેપિટલ ટ્રેન કેન્સલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ડિવિઝનના વિરમગામ સુરેન્દ્રનગર સેક્શનમાં લીલાપુર રોડ-કેસરિયા રોડ સ્ટેશનો વચ્ચે સ્થિત બ્રિજ નંબર ૨૪ માટે હાલના સ્ટીલ ગર્ડરની જગ્યાએ ડ્જઈ સ્લેબની જોગવાઈનું કામ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા કરવામાં આવશે. આ બ્લોકને કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોને અસર થશે.



રદ કરાયેલી ટ્રેનોમાં (૧) ૨૮.૦૩.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ રદ રહેશે. (૨) ૩૦.૦૩.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ રદ રહેશે.

આંશિક રીતે રદ થયેલી ટ્રેનોમાં ૨૯.૦૩.૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ વેરાવળથી ઉપડશે અને સુરેન્દ્રનગર સુધી જશે અને સુરેન્દ્રનગરથી તેને ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ તરીકે ચલાવવામાં આવશે.

આમ, ૨૯.૦૩.૨૦૨૫ ના રોજ, ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ અને ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ બંને ટ્રેનો સુરેન્દ્રનગર-ગાંધીનગર કેપિટલ-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

માર્ગમાં રેગ્યુલેટ (મોડી થનાર) ટ્રેનોમાં ૨૮.૦૩.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૬૬૧૪ કોઈમ્બતુર-રાજકોટ એક્સપ્રેસ માર્ગમાં એક કલાક મોડી થશે.

૨૯.૦૩.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૬૩૩૭ ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ માર્ગમાં ૪૦ મિનિટ મોડી થશે. ટ્રેનના સમય, સ્ટોપેજ અને રચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# કાલે મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક

**વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ અમલમાં મુકાશે :૧૫૦ફટ રીંગ રોડ વધુ ડેવલપ કરવાનો નિર્ણય લેવાશે :લીગલ ઈન્ટર્નની ત્રણ જગ્યાઓ ભરવા બાબતની દરખાસ્ત મુકાઈઃ કુલ ૩૯ દરખાસ્તો પર નિર્ણય લેવાશે :** આવતીકાલે રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષતા મળશે કાલની બેઠકમાં ૩૯ દરખાસ્તો મૂકવામાં આવી છે જેમાં ખાસ કરીને વધુમાં વધુ શહેરીજનો એડવાન્સ વેરો ભરે તેમજ બાકી નીકળતી વેરાની તેમજ પાણી વેરાની રકમ ચૂકવે તે માટે વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ યોજના અમલમાં મુકાશે વધુમાં ૧૫૦ ફટ રીંગ રોડને ડેવલપ કરવાની દરખાસ્ત પણ મુકાય છે સાથે લિગલ ઈન્ટર્નની ત્રણ જગ્યા ભરવા નિર્ણય લેવાશે.

# રાજકોટ જિલ્લામાં 30મી માર્ચ સુધીમાં હવામાન સુકું, ગરમ અને અંશતઃથી મધ્યમ વાદળછાયું રહેવાની શક્યતા

## બપોરે ગરમી ૩૭થી ૪૦ ડિગ્રી, રાત્રે તાપમાન ૨૦થી ૨૪ ડિગ્રી રહેવાની શક્યતા

રાજકોટ જિલ્લામાં આગામી ચાર દિવસ હવામાન સુકું, ગરમ અને અંશતઃથી મધ્યમ વાદળછાયું રહેવાની આગાહી વ્યક્ત કરાઈ છે. ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી અનુસાર, ગ્રામીણ કૃષિ મૌસમ સેવાવિભાગ, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી-તરઘડીયાની યાદીમાં જણાવાયું છે કે, રાજકોટ જિલ્લામાં 30મી માર્ચ સુધીમાં હવામાન સુકું, ગરમ અને અંશતઃથી મધ્યમ વાદળછાયું રહેવાની શક્યતા છે. આ સમયગાળામાં મહત્તમ તાપમાન ૩૭થી ૪૦ ડિગ્રી સેલ્સિયલ તથા લઘુતમ તાપમાન રાત્રિ દરમિયાન ૨૦થી ૨૪ ડિગ્રી સે.જેટલું રહેવાની સંભાવના છે. આ સમયગાળામાં મહત્તમ ભેજનું પ્રમાણ ૩૦-૫૦ જ્યારે લઘુતમ ભેજ ૧૦-૧૫ ટકા રહી શકે છે. પવનની દિશા વાયવ્ય, પશ્ચિમ અને ઉત્તરની રહેવાની અને પવનની ઝડપ ૧૨થી ૧૫ કિ.મી. પ્રતિકલાક રહેવાની શક્યતા છે.

# બે ગુનેગારોને રાજકોટ જિલ્લામાંથી હદપાર કરાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજકોટ જિલ્લામાં જાહેર વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે અસામાજિક પ્રવૃત્તિ આચરતા ઈસમ હારૂનભાઈ જુમાભાઈ ઠેબા (ઉ.વ. ૫૮, રહે. જામટીંબડી, તા. ઉપલેટા) તથા ભરતભાઈ સુરાભાઈ કરમટા (ઉ.વ. ૫૦, રહે. મું. મેરવદર, તા. ઉપલેટા)ને ધોરાજી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ નાગાજણ એમ.તરખાલાએ રાજકોટ જિલ્લામાંથી હદપાર જાહેર કર્યા છે. આ બંને શખ્સો માથાભારે અને તોફાની સ્વભાવના છે અને તે પ્રોહીબીશનનો ધંધો કરે છે.

હારૂનભાઈ જુમાભાઈ ઠેબા વિરુદ્ધ વર્ષ ૨૦૧૫થી વર્ષ ૨૦૨૪ સુધીમાં પ્રોહીબીશન ધારાનો ભંગ કરવાના કુલ ૧૦ ગુના નોંધાયા છે. તેના વિરુદ્ધ ભાયાવદર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહીબીશનના ૦૭ ગુનાઓ માટે કોર્ટ તરફથી સજા થઈ છે. તથા ભરતભાઈ સુરાભાઈ કરમટા વિરુદ્ધ વર્ષ ૨૦૨૩થી વર્ષ ૨૦૨૪ સુધીમાં પ્રોહીબીશન ધારાનો ભંગ કરવા અંગે કુલ ૦૬ ગુના નોંધાયેલા છે. તેના વિરુદ્ધ ભાયાવદર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહીબીશનના ૦૩ ગુનાઓ માટે કોર્ટ તરફથી તેને સજા થઈ છે.

આ ગુનેગારો ગુનાહિત પ્રવૃતિવાળા હોવાથી ભવિષ્યમાં પણ આવી ગુનાહિત પ્રવૃત્તિ ચાલુ રાખીને જાહેર વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ હોવાથી અને તેની આવી ભયજનક પ્રવૃત્તિથી સમાજમાં નિર્દોષ લોકોમાં ભયનો માહોલ ઉભો થતો હોવાના કારણે જાહેર લોકોની સલામતી જાળવવા માટે તેને તાત્કાલિક હદપાર કરવાનું આવશ્યક જણાયું હતું. આથી જાહેર સુલેહ-શાંતિ વિરુદ્ધના કૃત્યો કરતા અટકાવવા માટે ધોરાજી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ નાગાજણ એમ.તરખાલાએ તા. ૨૬ માર્ચ, ૨૦૨૫ના રોજ ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ હારૂનભાઈ જુમાભાઈ ઠેબાને ત્રણ માસ અને ભરતભાઈ સુરાભાઈ કરમટાને બે માસ માટે રાજકોટ જિલ્લાની હદમાંથી હદપાર કરવા હુકમ કર્યો છે.

# રાજકોટ જિલ્લામાં ડ્રગ્સના દૂષણ સામે જાગૃતિ લાવવા સરકારી કાર્યક્રમોમાં શપથ લેવડાવવા નિર્દેશ

## રાજકોટ જિલ્લા નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠકમાં જિલ્લા કલેક્ટરએ સૂચના આપી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા ક્લેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને આજે રાજકોટ જિલ્લા કક્ષાની નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી, જેમાં ડ્રગ્સના દૂષણને નાથવા યુવાનોમાં જાગૃતિ કેળવવા પર ખાસ ભાર મુકાયો હતો. આ સાથે જાગૃતિ ઝુંબેશ વધારવા તથા સરકારી કાર્યક્રમોમાં ઉપસ્થિત નાગરિકો, યુવાનોને નસે નો ટુ ડ્રગ્સથના શપથ લેવડાવવા નિર્દેશ આપવામાં આવ્યા હતા.

જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ આ બેઠકમાં જણાવ્યું હતું કે, શાળા-કોલેજ નજીક તમાકુ, સિગારેટ કે ડ્રગ્સનું વેચાણ ન જ થવું જોઈએ. તેમણે આવા વિતરકો પર દરોડા વધારવા સૂચના આપી હતી. ડ્રગ્સના દૂષણને સમાજમાંથી નાબૂદ કરવા સરકાર પણ ખાસ ભાર મુકી રહી છે, ત્યારે લોકોમાં તેમજ યુવાનોમાં વધુ જાગૃતિ લાવવા માટે નશાબંધી ખાતાને જનજાગૃતિ ઝુંબેશનું પ્રમાણ વધારવા તેમણે જણાવ્યું હતું. એટલું જ નહીં, સરકારી કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં તમામ સમાજના લોકો જોડાતા હોય છે, ત્યારે આવા કાર્યક્રમોમાં પણ નશો-ડ્રગ્સથી દૂર રહેવાના શપથ લેવડાવવા પણ પ્રાંત અધિકારીઓને નિર્દેશ અપાયા હતા.

રાજકોટ જિલ્લામાં છુપાઈને થતું ગાંજાનું વાવેતર શોધી કાઢવા માટે કલેક્ટરએ પાકના સર્વે વખતે સઘન અવલોકન કરવા તેમજ ડેમો આસપાસની ખાલી જગ્યામાં પણ સર્વે કરવા ખેતીવાડી ખાતાને સૂચના આપી હતી. કલેક્ટરએ મેડિકલ સ્ટોરમાં પ્રિસ્ક્રિપ્શન વિના વેચાતા નશીલા સીરપના વેચાણ પર સઘન નિરીક્ષણ રાખી પરિણામલક્ષી કામગીરી કરવા સૂચના આપી હતી.

પોલીસ અધિક્ષક હિમકર સિંહે જણાવ્યું હતું કે, ડેમો આસપાસ પાણી ઉતરે, પછી ખાલી જગ્યામાં અમુક



તત્ત્વો છુપાઈને ગાંજાનું વાવેતર કરી લેતા હોય છે. આથી તેમણે આવી જગ્યાઓ પર સર્વે જરૂરી ગણાવ્યો હતો. આ સાથે ગાંજાનું વાવેતર શોધી કાઢવા ડ્રોનના ઉપયોગનો અનુરોધ પણ તેમણે કર્યો હતો.

રાજ્ય સરકાર ડ્રગ્સના દુષણને ડામી દેવા સતત પ્રયત્નશીલ છે, ત્યારે રાજકોટ શહેર તેમજ જિલ્લામાં ડ્રગ્સ વિરોધી પ્રવૃત્તિ કરતા લોકો વિરુદ્ધ કડકાઈથી કામગીરી કરવા, પોલીસ તેમજ એસ.ઓ.જી.વિભાગ કટિબદ્ધ છે.

# વિંછીયા પંથકમાં નરાધમ મામાએ સગી ભાણેજ પર ગુજાર્યું દુષ્કર્મઃ ધડપકડ

## સગીરવયની ભાણેજને મામાના મિત્રો બોલેરોમાં ઉઠાવી ગયાઃ વિછીંયા પોલીસે બે માસ બાદ સાયલા પંથકના શખ્સને દબોચ્યોઃ સગીરાને મુકત કરાવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વિંછીયા પંથક માં સગ્ગા મામાએ જ સગીરવયની ભાણેજનું અપહરણ કરવા ચાર મિત્રોને એન્ટીક (બધુ મપાવવાની આરપાર દેખાય તેવા) ચશ્મા અપાવવાની લાલચે સાથે લઈ સગીર ભાણેજને બે માસ સુધી અલગ અલગ સ્થળે રાખી દુષ્કર્મ ગુજાર્યાનો ઘટસ્ફોટ થયો છે. વિછીંયા પોલીસે આરોપી સાયલા પંથકના નરાધમ શખસને ઝડપી લઈ સગીરાને મુકત કરાવી છે.

આ અંગેની મળેલી વિગતો મુજબ બે માસ પુર્વે વિછીંયા પોલીસ મથકમાં ૧૭ વર્ષીય સગીરાનું અપહરણ થયાની ફરિયાદ નોંધાઈ હતી. જે બનાવમાં પોલીસે બોલેરોમાં સગીરાને ઉઠાવી જવાઈ હોવાની વિગતો આધારે વાહન નંબર, અન્ય માહિતી પરથી બોટાદના ગઢડા સ્વામી પંથકના ચાર શખસોને ઝપડી પાડયા હતા. જો કે જે તે સમયે પકડાયેલા આરોપીઓની પુછતાછમાં મુખ્ય આરોપી તરીકે અપહત સગીરાનો સાપલા પંથકમાં રહેતો સગ્ગો મામો જ હોવાનું ખુલ્યુ હતુ. પકડાયેલા આરોપીઓએ એવી કેફિયત આપી હતી કે સગીરાના મામાએ આરોપી મિત્રોને મોબાઈલ ફોનમાં એન્ટીક ચશ્માનો ફોટો બતાવ્યો હતો અને એવી વાત કરી હતી કે આ ચશ્મા પહેરવાથી દિવાલ તથા જમીનમાં ઉંડે સુધી બધુ આરપાર દેખાય તેવા ચશ્મા એક વ્યક્તિ પાસે છે. આ ચશ્મા ખરીદવા કે જોઈએ છે પણ એ વ્યક્તિને ચશ્માના બદલામાં રૂપીયા નહીં યુવતી, છોકરી જોઈએ છે. ચારેયને એન્ટીક ચશ્માની લાલચ જાગી હતી. જાળમાં આવેલા ચારેયને કહ્યું કે પોતાની સગ્ગી ભાણેજ જ છે જો સાથે આપો તો તેને ઉઠાવી જઈએ અને એ વ્યક્તિને મારી ભાણેજ આપી દઈએ અને એ આપણને ચશ્મા આપી દેશે. ચારેય શખસો પણ આ કૃત્ય કરવા સહમત થયા હતા.

સુત્રધાર મામો અને સાગરીતો બે માસ પૂર્વે બોલેરોમાં સગીરાને ઉઠાવી ગયા હતા.બોટાદ પથકમાં આરોપીએ બે દિવસ સગ્ગી ભાણેજને રાખી હતી. ત્યાંથી ભાણેજને લઈ નીકળી ગયો હતો અને મોબાઈલ ફોન નંબર પણ બદલી નાખ્યો હતો.

વિછીંયા પોલીસ મથકના પી.આઈ. જે.પી. રાવની રાહબરી હેઠળ સ્ટાફના કિપાલસિંહ જાડેજા, પ્રકાશભાઈ, અમિતભાઈ, જીજ્ઞેશભાઈ સહિતના સગીરાને તેમન તેના મામાને શોધવા દોડધામ કરી રહ્યા હતા. દરમિયાનમાં માહિતી મળી હતી કે આરોપી સગીરાને લઈને અમરેલીમાં ભાડાના મકાનમાં રહે છે. પોલીસની ટીમ અમરેલી પહોંચી હતી અને ત્યાંથી આરોપી નરાધમ સગ્ગા



મામાને ભાણેજ સાથે દબોચી લીધો હતો.

આરોપીની પોલીસે હાથ ધરેલી પુછતાછ તેમજ સગીરાને વિશ્વાસમાં લઈ પુછપરછ કરતાં પોલીસ સ્ટાફ ચોંકી ઉઠયો હતો. નરાધમ સાયલા પંથકના શખસે ભાણેજને પણ જાળમાં ફસાવી હતી. સગીરાને બોટાદ પંથક, જામનગર, અમરેલી લઈ જઈ ત્યાં તેની સાથે શરીર સંબંધો બાંધ્યા હતા. મિત્રોને આરપાર ચશ્મા મળશે તેવી લાલસાએ જાળમાં ફસાવી મામા બનાવી સગ્ગી ભાણેજનું અપહરણ કરી દુષ્કર્મ ગુજારનાર હવસખોરની પોલીસે આકરી સરભરા કરી હતી. આરોપી સામે પોકસોની કલમ ઉમેરવા કાયદાકીય કાર્યવાહી હાથ ધરી રિમાન્ડ મેળવવા તજવીજ કરાઈ છે.

# રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા અગ્રણી અરૂણ નિર્મળનો આજે જન્મદિવસ

## ૬૬ કીલો ચણ પક્ષીઓને અર્પણ કરી જન્મદિવસની ઉજવણી કરશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ભાજપ નાં પ્રેસ-મીડિયા અગ્રણી અને રાજકોટ નાગરિક સહકારી બેન્ક ના શાખા વિકાસ સમિતિના સભ્ય અને પૂર્વ ચાઈલ્ડ વેલ્ફેર કમિટિનાં સભ્ય અરૂણભાઈ નિર્મળ નો આજે જન્મ દિવસ છે. જેઓ આજરોજ ૬૫ વર્ષ પૂર્ણ કરી ૬૬ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયા છે. નિર્મળ નાનપણથી દેશ ભક્તિના રંગે રંગાયેલા ૧૯૭૧ (૫૪ વર્ષ ) થી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાઈને રાષ્ટ્રસેવા સાથે રાજકીય તેમજ સામાજિક કાર્યોમાં ઉત્તમ સેવા આપી રહયા છે. ઉપરાંત ૧૯૯૫ થી ૨૦૦૫ સુધી રાજકોટ શહેર ભારતીય જનતા પાર્ટીમાં પ્રેસ-મીડિયા ની જવાબદારી તેમજ વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૩ સુધી રાજકોટ જિલ્લા ભાજપ પ્રેસ મીડિયા ઈન્ચાર્જ તરીકે સફળતા પૂર્વક જવાબદારી સંભાળીને રાજકોટ મહાનગરપાલિકા, ધારાસભા, લોકસભા, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત ની ચૂંટણીમાં પ્રચાર પ્રસારની સફળતા પૂર્વક જવાબદારી સંભાળી છે. રાજકોટ નાગરિક સહકારી બેન્ક , જંકશન પ્લોટ બ્રાન્ચના શાખા વિકાસ સમિતિના સભ્ય તરીકે વર્ષોથી સેવા આપી રહયા છે. પૂર્વ ચાઈલ્ડ વેલ્ફેર કમિટિ (ગુજરાત સરકાર)નાં મેમ્બર તરીકે ૫ વર્ષ સુધી તેમજ ટેલિફોન એડવાઈઝરી કમિટીમાં ૩ વર્ષ નિષ્ઠાપૂર્વક જવાબદારી સંભાળી હતી. હાલમાં તેઓ સહકાર ભારતી રાજકોટ વિભાગમાં મીડિયા જવાબદારી, જીવદયા ગ્રુપ, મહાપૂજા ધામ સ્વામિનારાયણ મંદિર, જખટજ સ્વામિનારાયણ મંદિર તેમજ અનેક ધાર્મિક/સામાજિક સંસ્થામાં મીડિયા કો-ઓર્ડીનેટર તરીકે તેમજ લાયન્સ કલબ ગોલ્ડ રાજકોટ ના કઈઈક્ષ કો-ઓર્ડીનેટર તરીકે સેવા આપે છે.

નિર્મળ સેવાકીય સામાજીક , સાંસ્કૃતિક, ધાર્મિક પ્રવૃતિ દવારા અનેક સેવાકીય પ્રવૃતિઓ કરી રહયા છે. આ વર્ષે ૬૬ કીલો ચણ પક્ષીઓને અર્પણ કરી જન્મદિવસની ઉજવણી કરશે. અરૂણ નિર્મળનાં જન્મદિવસ નિમિતે રાજકોટ શહેર/ જિલ્લાનાં હોદ્દેદારઓ, સંસદ સભ્ય, ધારાસભ્ય, રાજકોટ નાગરિક સહકારી બેંકનાં ચેરમેન,



વાઈસ ચેરમેન , ડિરેકટર, તથા અધિકારીઓ, સહકાર ભારતી, તેમજ વિ.હિ.પ. નાં અગ્રણીઓ, રાજકીય સામાજીક તથા ધાર્મિક સંસ્થાનાં સંતો મહંતો; અગ્રણીઓ અને શુભેચ્છક મિત્ર વર્તુળ તરફથી ( ૯૮૨૪૪ ૧૬૬૩૯ , ૮૩૨૦૪ ૨૯૫૨૮ ) પર જન્મદિવસ ની શુભેચ્છા આપી છે.

# સરગમ કલબ અને મા કૃપા ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

## કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા.૧ના રોજ સીધા સ્થળ પર પહોચવું દર્દીઓએ પોતાનું ઓળખ પત્ર તેમજ ડોકટરના સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સાસ્કૃતિક,સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને મા કૃપા ફાઉન્ડેશન અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૪/૨૦૨૫ મંગળવાર થી ૩/૦૪/૨૦૨૫ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધારકાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પ તા.૧/૦૪/૨૦૨૫ થી ૩/૦૪/૨૦૨૫ સુધી એપ્રિલ માસ નાં રોજ યોજાશે. જેની ખાસ સુધી એપ્રિલ માસ નાં રોજ યોજાશે. જેની ખાસ લોકોને તા ૦૧/૦૪/૨૫ મંગળવાર ના રોજ સવારે ૮/૦૦ કલાકે ખાસ સરગમભવન,જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને



તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૪/૨૦૨૫ ના રોજ સવારે ૮/૦૦ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, રશ્મીભાઈ શાહ. અશોકભાઈ ડાલિયા, બજી મિસ્ત્રી, બ્રિજેશભાઈ મોદી નો સહયોગ મળેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# પોપટપરામાં નામચીન ભરત કુગશીયાના ઘરમાં તોડફોડ કરવાના ગુન્હામાં ૧૦ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુક્તિ રાજકોટ સેશન્સ કોર્ટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પોપટપરા માં રહેતા ફરિયાદી ભારતીબેન ભરતભાઈ કુગશિયાએ પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ કે, તારીખ:૧૮/૦૮/૨૦૨૦ના રોજ ફરિયાદી રાત્રે આશરે પોણા બાર વાગ્યે પોતાના ઘરે પોપટપરા શેરી નં.૫, રામજી મંદિરની બાજુમાં હતા ત્યારે તેના ઘરનો દરવાજાનો ડેલો ખોલી કાસમ ઉર્ફે કડી ખમીશાભાઈ જુણાચ, મહમદહનીફ યુસુફભાઈ મસ્કતિ, ગફારભાઈ નુરમામદભાઈ સુધાબુનિયા, ઈમરાનભાઈ ઓસમાણભાઈ રતનિયા, જાવેદભાઈ આદમભાઈ ચાનીયા, સચિનભાઈ કમલેશભાઈ આહુજા, સલિમભાઈ દાઉદભાઈ ચાનીયા, ઈમરાનભાઈ ગફારભાઈ કુરેશી, ઉસ્માનભાઈ ફિરોજભાઈ કુરેશી, ગુરૂદિપસિંહ બકુલસિંહ જાડેજાએ ઘરમાં પ્રવેશ કરી ભરતો કયા છે તેમ કહી જોરજોરથી રાડો પાડવા લાગેલ અને જેમફાવે તેમ ગાળો બોલવા લાગેલ અને કહેલ કે, ભરતો કયા છે તે પોપટપરાનો ડોન થઈ ગયો છે અમારે તેને મારવો છે તેમ કહી બધા આરોપીઓ ઘરના દરવાજાને પાટા મારવા લાગેલ અને આરોપીઓના હાથમાં રહેલ હથિયારોથી ફરિયાદીના ઘરની બારીના કાચ તોડી નાખેલ તથા ઘરમાં ખુબ જ તોડફોડ કરેલ અને કબાટમાં રહેલ છ(૬)તોલાનો ચેન જેની કિમત ૭૨,૦૦૦/- તથા રોકડા રૂપિયા ૭,૦૦૦/- એમ કુલ રૂપિયા ૮૦,૦૦૦/- ની લૂંટ કરેલ. જે બાબતની ફરિયાદ પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં આપેલ, જે



ફરિયાદને આધારે પોલીસે તમામ ૧૦ આરોપીઓની ધરપકડ કરેલ તથા આરોપીઓને જેલ હવાલે કરેલ તેમજ લુટનો ગુનો, ધાડ પાડવાનો ગુનો વિગેરે કલમો અન્વયે તમામ આરોપીઓ વિરુધ ચાર્જશીટ કરેલ. ત્યારબાદ હાલનો કેસ રાજકોટની એડી.સેશન્સ કોર્ટમાં ચાલી જતાં બનાવ નજરે જોનાર સાહેદો, ફરિયાદીની જુબાની, વિવિધ પંચનામાં ના પંચો, તથા તપાસ કરનાર અધિકારી વિગેરે ની જુબાની નોંધ્યા બાદ તથા ફરિયાદપક્ષ અને આરોપીના વકીલ નીદલીલો તથા ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાને લઈને રાજકોટ એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા તમામ ૧૦ (દસેય) આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કામમાં બધા જ આરોપીઓ વતી રાજકોટના વકિલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા રોકાયેલ હતા.

# ઘંટેશ્વર ગામ તળની જમીન લાભાર્થીઓને જ ફાળવવા માટે ગ્રામજનોની કલેક્ટરને રજૂઆત

## અચાનક જ સિંધુ ભવન ટ્રસ્ટને આપવા બાબતે વિરોધ વ્યક્ત કરાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઘંટેશ્વર ગામ તળની જમીન લાભાર્થીઓને જ ફાળવવા માટે ગ્રામજનોએ કલેક્ટરને રજૂઆત કરી હતી. અચાનક જ સિંધુ ભવન ટ્રસ્ટને આપવા બાબતે વિરોધ વ્યક્ત કરાયો હતો.

ઘંટેશ્વર ગામના રહેવાસીઓએ કલેક્ટરને આપેલા આવેદનમાં જણાવેલ કે વર્ષોથી રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ઘંટેશ્વર ગામમાં રહીએ છીએ. ઘંટેશ્વર ગામે સર્વે નં.૧૫૦ સરકારી ખરાબો આવેલ છે જેમાંથી તા.૨૨-૫-૧૯૯૮ના રોજ એકર-૫ જમીનનો હુકમ ગામતળ તરીકે ફાળવવામાં આવ્યો હતો. ઘંટેશ્વર ગ્રામ પંચાયત દ્વારા અનેકવાર ગામતળનો કબજો સોંપવા માટે લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવેલ હતી પરંતુ ગ્રામ પંચાયતને કબજો સોંપવામાં આવેલ ન હતો.કલેક્ટર તા. ૨૧-૬-૨૦૧૮ના રોજ રાજકોટ તાલુકાના સર્કલ ઓફિસર દ્વારા ગ્રામ પંચાયતને કબજો સોંપવામાં આવેલ હતો અને ત્યારબાદ રૂડા રાજકોટ દ્વારા લે-આઉટ પ્લાન પણ મંજૂર કરવામાં આવેલ હતો અને તેમાં ૧૦૦ વાર અને ૫૦ વારના પ્લોટ પાડવામાં આવેલ છે તેમાંથી ૫૦ વારના પ્લોટ બીપીએલ ધારકોને રાજકોટ તાલુકા પંચાયત દ્વારા



મંજૂર કરવામાં આવેલ છે. તમામ રજૂઆત બાદ રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા નોંધ નં.૧૩૪૬થી નોંધ મંજૂર કરેલ છે. ગામતળ સર્વે નં.૧૫૦ પૈકી ૧૨નું નવું ગામતળનું ખાતું દાખલ કરવા પ્રમાણિત તા.૧૭-૪-૨૦૧૮ના રોજ કરેલ છે. આ અમોને ફાલવેલ જગ્યામાં અચાનક સિંધુ ભવન ટ્રસ્ટને ૩૨૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે જે બાબત ખુબ જ ગેરકાયદેસર છે. કારણ કે જે જમીન અમોને એટલે કે ગામના લોકોને પ્લોટ આપવા અંતે ફાળવવામાં આવેલ છે તે જગ્યામાં અન્ય કોઈ ટ્રસ્ટ કે અન્ય વ્યક્તિને ક્યાં નિયમ મુજબ અને ક્યાં કારણસર જમીન આપવામાં આવી તે તપાસ કરવી જરૂરી છે તે બાબતે રજૂઆત કરી છે.

# શાપર - વેરાવળ - મેટોડામાં ટ્રાફીક ડ્રાઈવ દરમ્યાન ૮૨ વાહન ચાલકો દંડાયા: ૨૦ વાહનો કરાયા ડિટેઈન

## રૂ. ૩૨,૮૦૦ નો દંડ વસુલાયો: ૬ દારૂના કેસ કર્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જીલ્લામાં મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ દારૂ અને જુગારની પ્રવૃતિ ઉપર અંકુશ લગાવવા અને વાહન અકસ્માતના બનાવો બનતા અટકાવવા સ્પેશીયલ મેટોડા અને શાપરવે રાવળ ખાતે સ્પેશીયલ ડ્રાઈવ કરવામાં આવી હતી. જેમાં માર્ગ અકસ્માતો ઘટાડવા ટ્રાફીક ઝુંબેશ અંતર્ગત હેલ્મેટ વગર લાયસન્સ વગર ટ્રાફીક ને અડચણરુપ વાહન ચાલકો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી તેમજ ફુટ પેટ્રોલીંગ પણ કરવામાં આવ્યું હતું. પોલીસની ડ્રાઈવમાં ત્રિપલ સવારી તથા અડચણરૂપ પાર્કીંગ વાહન ચાલકો તેમજ એનસી ના કુલ ૮૨ કેસ કર્યા હતા ૩૨૮૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. રાજકોટ રેન્જના આઈ. જી. અશોકકુમાર યાદવ અને જિલ્લા પોલીસ વડા હીમકર સિંહ દ્વારા



જિલ્લામાં અકસ્માતના બનાવો બનતા અટકાવવા લાયસન્સ, હેલ્મેટ પહેર્યા વગર તથા ટ્રાફીક અડચણરૂપ વાહનચાલકો વિરુધ્ધ કાર્યવાહી કરવા તેમજ મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા ટકાવવા અને તેમજ દારૂ અને જુગારની પ્રવુતિ ઉપર અંકુશ લગાવવા કડક કામગીરી કરી કરવા સુચના થયેલ હોય જે અંતર્ગત ગોંડલ ડીવીઝન ડી.વાય.એસ.પી. કે.જી. ઝાલાના માર્ગદર્શન હેઠળ શાપર વેરાવળ પોલીસ સ્ટેશનના પી. આઈ આર.બી.રાણા તેમજ મેટોડા જીઆઈડીસી પોલીસ મથકના પી.આઈ એસ.એચ.શર્મા તથા પીએસઆઈ એન.બી.ઝાલા સહિતના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીમાં શાપર વેરાવળ પોલીસે હેલ્મેટ વગરના તથા ત્રિપલ સવારી તથા અડચણરૂપ પાર્કીંગ કરનાર ૩૦ વાહન ચાલકો સામે એન.સી. કેસ કરી કુલ ૯૮૦૦ રોકડ દંડ વસુલ કરવામા આવેલ છે. તથા એમ.વી.એક્ટ. ૨૦૭ મુજબ કુલ ૧૦ વાહન ડીટેઈન કરવામા આવેલ છે તેમજ બી.એન.એસ. ક. ૨૮૫ મુજબ ૫ કેસ કરવામાં આવેલ છે. જયારે મેટોડા જી.આઈ.ડી.સી પોલીસ સ્ટેશન દ્વારા ગેઈટ નં.૩ ની અંદર બુધવારી બજારમાં ફુટ પેટ્રોલીંગ યોજી, સ્પેશીયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ આ ડ્રાઈવ દરમ્યાન કરેલ પર એન.સી. કરી સ્થળ ઉપરથી ૨૩,૦૦૦નો દંડ વસુલ કરેલ જયારે એમ.વી.એક્ટ ૨૦૭મુજબ ૧૦ કેસ, એમ.વી.એક્ટ ૧૮૫ મુજબ ૩ અને બી.એન.એસ.એસ.ની કલમ ૧૨૮ મુજબ ૧૫ કેસ અને પ્રોહી કબ્જાના કેસ ૬ કરવાના આવ્યા હતા.

# મવડી મેઈન રોડ પર છરીની અણીએ થાર ગાડીની લૂંટ ચલાવનાર બે શખ્સો ઝડપાયા

## સિનર્જી હોસ્પિટલ પાસે મોબાઈલની લૂંટ ચલાવનાર શખ્સ ને ગણતરીની કલાકોમાં પોલીસે દબોચી લીધા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેર પોલીસ દ્વારા ગુનેગારો પર દોષ બોલાવવામાં આવી છે ત્યારે મહુડી મેઈન રોડ પર દોરા દિવસે યુવાનને છરી બતાવી કાર ગાડીની લૂંટ કર્યાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ પોલીસે ગણતરીની કલાકોમાં જ બે શખ્સોને દબોચી લઈ રૂપિયા ૭ લાખની થાર ગાડી કબજે કરી છે.

અંગેની માહિતી મુજબ ગઈકાલે બપોરના અરસામાં મહુડી મેન રોડ પર મોમાઈ પાન ની દુકાન પાસે યુવાન તેના મિત્ર ધવલભાઈ મુકેશભાઈ સરધારાની કાળા કલરની થાર ગાડી નંબર લષ ૩ ક્ષર ૬૧ ૭૭ નંબરની લઈ જતા હતા ત્યારે બે અજાણ્યા ઈસમો સફેદ કલરની શ૧૦ કાર માં આવી યુવાનને આંતરી છરી બતાવી ₹૭ લાખની લૂંટ કરી નાસી ગયા હતા બનાવ બાદ યુવાને માલવિયા નગર પોલીસમાં તકમાં ફરિયાદ નોંધાવી હતી બનાવના પગલે પીએસઆઈ બીએસ ગજેરા અને તેની ટીમના માણસો હેડ કોન્સ્ટેબલ અજયભાઈ તથા ભાવેશભાઈ તથા મનીષભાઈ અને જયદીપભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ગણતરીની કલાકોમાં જ કારની લૂંટ ચલાવનાર મીત ઉર્ફે ભાજી રમેશ ખગામાં રહે શ્રીનાથજી સોસાયટી અને પ્રિતેશ ઉર્ફે દીકુ અલ્પેશ ગોટેચા રહે મારુતિનંદન નગર નમનાર બંને શખ્સોને કાંગસિયાળી ગામના રસ્તે તપન હાઈટ્સ પાસેથી દબોચી લઈ રૂપિયા ૭ લાખની કાર કબજે કરી હતી.

જ્યારે બીજા બનાવમાં ક્રાઈમ બ્રાન્ચ ના પી.આઈ એમઆર ગોંડલીયાની સૂચનાથી પીએસઆઈ એમ કે મોબાઈલિયા હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ કોન્સ્ટેબલ તુલસીભાઈ અને સંજયભાઈ ખાખરીયા





માલવિયા નગર પોલીસે લૂંટના બનાવમાં ગણતરીની કલાકોમાં જ થાર ગાડી સાથે બે શખ્સો અને સિનર્જી હોસ્પિટલ પાસે મોબાઈલની લૂંટ કરનાર લૂંટારો તસ્વીરમાં નજરે પડે છે

સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે સાંજના સમયે શ્રીનાથજી હોસ્પિટલ થી તલભ હોસ્પિટલ વચ્ચેના રસ્તે બળવંતભાઈ પ્રેમજીભાઈ બલદેવ નમના વૃદ્ધ મંદિરે દર્શન કરી પરત આવી રહ્યા હતા ત્યારે કોઈ અજાણ્યો શખ્સ તેનો મોબાઈલ ની લૂંટ કરી નાસીગજાની ઘટના બની હોવાની જાણ થતા ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે ગણતરીની કલાકોમાં જ મોબાઈલની લૂંટ ચલાવનાર મુન્ના વેરશી સોલંકી રહે પુનિત નગર વાવડી રોડ નમણા સક્સને દબોચી લઈ રૂપિયા ૧૩૦૦૦ ની કિંમત નો મોબાઈલ કબજે કર્યો હતો

# ક્રિષ્ના સ્કૂલમાં દોહોદના નશેડીએ હાથ સાફ કર્યો' તો: તસ્કરની ધરપકડ





રાજકોટમાં ૧૫૦ ફટ રોડ પર બાલાજી હોલ પાછળ આવેલી ક્રિષ્ના સ્કૂલમાં થઈ હતી જ્યાં એક તસ્કરે રાત્રે ત્રણથી ચાર વાગ્યાની વચ્ચે પ્રિન્સીપાલની ઓફિસમાં ઘૂસીને ૩૯૧૦૦ની ચોરીને અંજામ આપ્યો હતો. તસ્કર ઓફિસમાં ચોરી કરી રહ્યાના સીસીટીવી ફટેજ પણ સામે આવ્યા હતા જેના આધારે તાલુકા પોલીસ મથકની ટીમે તેની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન એવી માહિતી મળી હતી કે આ ચોરીને સંજય તાહુભાઈ પલાસે અંજામ આપ્યો છે અને હાલ તે દાહોદના ગરબાડામાં છુપાઈ ગયો છે. આ માહિતીના આધારે પોલીસે ગરબાડા જઈને સંજયને પકડી લઈ તેના પાસેથી ૨૫૦૦૦ની રોકડ રિકવર કરવામાં આવી હતી. સંજય સામે અગાઉ અમદાવાદ (ગ્રામ્ય)ના બોપલ અને દાહોદમાં ગુના નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

# જામનગર રોડ પર પ્રગટેશ્વર મહાદેવ મંદિરમાં ચોરી કરનાર નિવૃત્ત પોલીસમેનના પુત્ર ની ત્રિપુટી ઝડપાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જામનગર રોડ ઉપર ગાયત્રીધામ સોસાયટીમાં પ્રગટેશ્વર મહાદેવ મંદિરમાં તસ્કરોએ ત્રાટકીને ૪૦ હજારની રોકડ ભરેલી દાનપેટીની ચોરી કરી હતી. એકંદરે મંદિરની અંદર ચોરી થતાં ભાવિકોમાં પણ રોષ ભભૂકી ઉઠ્યો હતો ત્યારે ગાંધીગ્રામ પોલીસે આ ચોરીને અંજામ આપનાર નિવૃત્ત પોલીસમેનના પુત્ર તેમજ તેના બે સાગ્રીતોને પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ એસ. આર.મેઘાણીના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ મશરીભાઈ ભેટારિયા, શબ્બીરખાન મલેક, મુકેશભાઈ સબાડ સહિતની ટીમે જૂના એરપોર્ટની દિવાલ પાસેથી શંકાસ્પદ રીતે પસાર થઈ રહેલી ઓટો રિક્ષા નં.જીજે૩એડબલ્યુ-૦૧૭૮ને અટકાવી તેના ચાલક વિવેક



બીરેન્દ્રસિંગ ચૌહાણ (મુળ, ઉત્તરપ્રદેશ, હાલ રાજકોટ)ની આગવી ઢબે પૂછપરછ કરતાં તેણે તેના સાગ્રીતો સાથે મળીને ઉપરોક્ત મંદિરમાં ચોરી કર્યાની કબૂલાત આપી હતી. વિવેક ચૌહાણે પૂછપરછ દરમિયાન જણાવ્યું કે તેણે નિવૃત્ત પોલીસમેનના પુત્ર ઈકબાલ મહમ્મદઅલી મકરાણી (ઉ.વ.૩૯) અને હમીદ અલીભાઈ જુણેજાને પ્રગટેશ્વર મહાદેવ મંદિરમાં રહેલી દાનપેટીની ચોરી કરવા માટે તૈયાર કર્યા હતા. ત્રણેયે ૧૯ માર્ચે સવારના સમયે મંદિરની રેકી કરી હતી મધરાત્રે ચારેક વાગ્યાના અરસામાં ત્રાટકીને દાનપેટી ઉઠાવી લીધી હતી. ચોરી કરતી વખતે ઈકબાલ મકરાણી બહાર ઉભો રહેતો અને હમીદ જુણેજા રિક્ષામાં જ બેઠો રહેતો હતો જ્યારે વિવેક મંદિરમાં જઈ ચોરીને અંજામ આપતો હતો. ચોરી થઈ ગયા બાદ ત્રણેય સરખા ભાગે રોકડ વહેંચી લેતાં હતા. પકડાયેલા ઈકબાલ અને વિવેક સામે આઠેક ગુના નોંધાયા હોવાનું સામે આવ્યું છે.

# જેતપુરમાં યુવાનને હનીટ્રેપમાં ફસાવી રૂ.૫૦ હજાર પડાવી લીધા

## કારખાનેદાર યુવાને યુવતી સહિત ૫ શખ્સ સામે નોંધાવી ફરિયાદ

જેતપુરના કારખાનેદાર યુવાનને હનીટ્રેપમાં ફસાવી રૂ.૫૦ હજાર પડાવી લીધાની સીટી પોલીસ સ્ટેશનમાં યુવતી સહિત ૫ શખસો સામે ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. આ અંગેની વિગતો મુજબ શેહરના નવાગઢ વિસ્તારમાં રહેતા અને ગઢની રાંગ પાસે સાડીનું કારખાનું ધરાવતા જીતેન્દ્ર રાદડીયા નામના કારખાનેદારે હનીટ્રેપની ફરિયાદ નોંધાવી હતી. ત્રણેક દિવસ પહેલા ફરિયાદીને ભાવિન આંબલીયા નામના શખસનો ફોન આવ્યો હતો કે, તુ જેતપુરની તીર્થ હોટેલમાં રેશમા નામની છોકરીને લઈ ગયો હતો. તે છોકરી તારા વિરૂધ્ધ બળાત્કારની ફરિયાદ કરવા માંગે તુ સીસીટીવી કેમેરામાં છે. છોકરી કહે છે કે, તે તેની સાથે શારીરિક સબંધ બાંધેલા છે અને રૂ.૫૦ હજાર તથા એક સોનાનું સાડા સાત તોલાનું બ્રેસલેટ લઈ લીધું છે. બાદમાં ફરીયાદી ભાવિનને માર્કેટિંગ યાર્ડમાં અંકુર ટ્રેડીંગમાં બોલાવવામાં આવ્યો હતો. જ્યાં ફરીયાદીએ રૂ.૫૦ હજાર આપ્યા હતા. જયારે સીસીટીવી ફટેજ માંગતા તે આપ્યા નહી જેથી ફરીયાદી પાસેથી બળજબરીથી રૂપિયા કઢાવવાનું ષડયંત્ર લાગતા ભાવિને આંબલીયા, તીર્થ હોટેલના માલિક ઉદય પંડ્યા, કિશન રાદડીયા, રેશમા ધવલ વેકરીયા, ધવલ વેકરીયા સામે કારખાનેદારે ફરિયાદ નોંધાવી હતી.

# જનેતાએ મોબાઈલ મૂકી ભણવામાં ધ્યાન આપવાનું કહેતાં ધો.૧૧ના છાત્રનો આપઘાતનો પ્રયાસ

## સગીરે ફિનાઈલ ગટગટાવી લેતા સારવારમાં ખસેડાયો

આધુનિક યુગમાં મોબાઈલના વળગણની નાના બાળકો અને વિદ્યાર્થી ઓ ઉપર અવળી અસર થઈ રહી છે. તાજેતરમાં જ બગસરાના મુંજીયાસર ગામની શાળામાં વિદ્યાર્થીઓએ હાથમાં છરકા માર્યાની ઘટના પાછળ પણ મોબાઈલ જ જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે. અગાઉ પણ અનેકવાર મોબાઈલ બાબતે વિદ્યાર્થીઓએ આપઘાત કે આપઘાતનો પ્રયાસ કર્યાના બનાવો સામે આવ્યા છે. ત્યારે આવો જ એક વધુ બનાવ રાજકોટમાં સામે આવ્યો છે. માતાએ મોબાઇલ મુકી ભણવામાં ધ્યાન આપવાનું કહેતા ધો.૧૧ના છાત્રએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવારમાં ખસેડાયો છે. જાણવા મળતી વિગત મુજબ રૈયા રોડ પર આવેલી સોમનાથ સોસાયટીમાં રહેતા અને ધો.૧૧ કોમર્સમાં અભ્યાસ કરતા વિશાલ પ્રવિણભાઈ સોલંકી(ઉ.વ.૧૭)એ આજે સવારે પોતાના ઘરે ફીનાઈલ પી લીધું હતું. જેથી તેની તબીયત લથડતા પરિવારજનોએ તેને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો છે. જયાં તેની સારવાર ચાલી રહી છે. પ્રાથમિક તપાસમાં વિશાલ બે ભાઈમાં મોટો અને ધો.૧૧ કોમર્સમાં અભ્યાસ કરે છે. તે ભણવામાં ધ્યાન આપતો ન હોય અને મોબાઈલમાં રચ્યો પચ્યો રહેતો હોવાથી તેની માતાએ મોબાઈલ મુકી ભણવામાં ધ્યાન આપવાનું કહેતા તેને લાગી આવત આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે. આ ઘટના વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિત માટે ચેતવણી સમાન છે. વિદ્યાર્થીઓએ અભ્યાસ પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ અને વાલીઓએ પણ તેમના બાળકો સાથે વાતચીત કરી તેમની સમસ્યાઓ જાણવી જોઈએ

# રાજકોટમાં ૫૫ લાખની છેતરપિંડી આચરનારને પોલીસે વેશપલટો કરી રાજસ્થાનથી ઝડપી લીધો

## બોગસ પેઢી ઉભી કરી સાયબર ફ્રોડના લાખો રૂપિયા બેંક એકાઉન્ટમા ટ્રાન્સફર કર્યાનું ખુલ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

બીએસએનએલના મહિલા અધિકારી સાથે રૂ.૫૫ લાખની છેતરપીંડી કરનાર ટોળકીના પાંચમાં આરોપીને રાજકોટ સાયબર ક્રાઈમની ટીમે વેશ પલટો કરી રાજસ્થાનથી ઝડપી લીધો હતો. અત્યાર સુધી પકડાયેલ અન્ય ચાર આરોપીઓને જેલ હવાલે કર્યા છે.ગત.તા.૫/૫ ના રોજ પંચનાથ પ્લોટમાં રહેતાં બીએસએનએલના મહિલા અધિકારી બેલાબેન વૈદ્યને શેરબજારમાં ટીપ આપવાની લાલચે સ્ટોક માર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટ કરી ૩ મહિનામાં ૫૦૦ ટકા રીટર્નની જાહેરાત જોઈ હતી જેમાંથી ફેગએમવે નામની એપ ઈન્સ્ટોલ કરી હતી અને આઈડી પાસવર્ડ મળ્યા હતા અને શેરબજારમાં રોકાણ કરવા વિવિધ એકાઉન્ટમાં ૫૫.૯૪ લાખ ભર્યા હતા સામેવાળાએ રૂ.૧.૯૪ લાખ પરત આપી વિશ્વાસ કેળવ્યો હતો બાદ એપ્લીકેશનમાં વળતર સાથે કુલ ૩ કરોડ કાઢવા પ્રોસેસ કરી હતી પરંતુ કોઈ નાણા પરત ન મળતા આ મામલે સાયબર ક્રાઈમમાં અજાણ્યા ૧૨ એકાઉન્ટ ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ મથકના પીઆઈ જે.એમ.કૈલા સહિતની ટીમે તપાસ કરી આ પ્રકરણમાં સંડોવાયેલ દિનેશ રમેશભાઈ રાદડીયા, જેનીશ ભાણકુ ગરણીયા, મુસ્તાક અલી મોહમદસફી અને લુમ્બસીંહ



માધુસીંહ રાવતની ધરપકડ કરી હતી. આ તમામની તપાસમાં પાંચમાં આરોપીનું નામ ખુલ્યું હોય જે રાજસ્થાન હોવાની માહિતીને આધારે સાયબર ક્રાઈમની ટીમ રાજસ્થાન ગઈ હતી જ્યાં સાયબર ક્રાઈમના દિગ્વિજયસિંહ ઝાલા સહિતના સ્ટાફે વેશપલટો કરી રૂપરેશ ગજાનંદ શર્માની ધરપકડ કરી હતી. પકડાયેલ શખ્સ ખાતાધારક છે અને આ પ્રકારના એક ગુનામાં પણ તેના ખાતાની સંડોવણી ખુલી હતી. રૂપરેશે તેના નામે પ્રોપરાઈટર તરીકેની બોગસ પેઢી કરી. તેમજ તે પેઢીના નામે કરંટ બેંક એકાઉન્ટમા સાયબર ફોડના નાણા ટ્રાંન્સફર કરતો હતો.

# મવડી ગામે માથાના દુ:ખાવાથી કંટાળી સર્વોદય સ્કૂલના કલાર્કનો આપઘાત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના સર્વોદય સ્કૂલમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા આધેડે માથાના દુખાવાથી કંટાળી જઈ મવડી ૮૦ ફૂટ રોડ પર આવેલ એક વાડીના કુવામાં પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. આધેડે કુવામાં ઝંપલાવતા પૂર્વ ભત્રીજાને મેસેજ કરી સરનામું આપી બંને પુત્ર સાથે અહીં આવી જવા કહ્યું હતું.

મળતી વિગતો મુજબ, મવડીમાં આવેલી રિધ્ધી સિધ્ધિ સોસાયટીમાં રહેતા અને સર્વોદય સ્કૂલમાં કલાર્કે તરીકે ફરજ બજાવતા ૫૨ વર્ષીય મુકેશભાઈ વિઠ્ઠલભાઈ ગીણોયા નામના આધેડે બુધવારે સાંજના સમયે મવડી ૮૦ ફૂટ રોડ પર આવેલ એક વાડીના કુવામાં ઝંપલાવી લીધું હતું. મુકેશભાઈ આપઘાત પૂર્વે તેના ભત્રીજા સાગરભાઈને મેસેજ કરી પોતે જિંદગી ટૂંકાવી રહ્યા હોવાની જાણ કરી એડ્રેસ મોકલી બંને સંતાનો સાથે અહીં આવી જવા માટે કહું હતું. જે વાતની જાણ થાત જ પરિવારના સભ્યો સ્થળ પર પહોંચે તે પહેલા મુકેશભાઈ મોત મીઠું કરી લીધું હતી.

ત્યારબાદ ફાયરના જવાનોએ મૃતદેહને કૂવામાંથી બહાર મવડી ગામે વાડી વિસ્તારમાં કુવામાં પડતું મુક્તા પૂર્વે સમસ્રીજુ ઓ પેસેજના પુત્ર સાથે આવી જવા કહ્યું કાઢી બનાવ અંગે પોલીસને જાણ કરતા તાલુકા પોલીસ મથકના એએસઆઈ જનકસિહ ગોહિલ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક મુકેશભાઈ પાસેથી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી જેમાં પોતે માથામાં થતા દુખાવાથી કંટાળી આ પગલું ભરી રહ્યા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. બનાવથી પરિવારમાં ઘેરો કલ્પાંત છવાઈ જવા પામ્યો છે.

# મહાત્મા ગાંધી પ્લોટમાં આર્થિક ભીંસથી કંટાળી યુવકનો ફાંસો ખાઈ આપઘાત



શહેરના સામાકાંઠે વિસ્તારમાં આવેલ મહાત્મા ગાંધી પ્લોટમાં ૩૧ વર્ષીય યુવાને આર્થિકીં સથી કંટાળી ઘરે ફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. મળતી વિગતો મુજબ, પારેવડી ચોક પાસે આવેલ મહાત્મા ગાંધી પ્લોટમાં રહેતા ૩ વર્ષીય મિતેષ ઈશ્વરભાઈ મકવાણા નામના યુવકે ઘરે રાત્રિના કોઈ સમયે રૂમમાં ચુંદડી વડે પંખામાં ફાસો ખાઈ લીધો હતો. વહેલી સવારે ૭ વાગ્યા આસપાસ પરિવારના સભ્ય દ્વારા યુવકના રૂમમાં જતા તે લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. બનાવ અંગે જાણ થતાં બી ડિવિઝન પોલીસ મથકના પીએસઆઈ દીપેન ગાધે સહિતના સ્ટાફે જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક મિતેષ અપરણિત અને બે ભાઈમાં મોટો હતો.તે ખાનગી કંપનીના નોકરી કરી પરિવારનું ગુજરાત ચલાવતો હતો. યુવાન પુત્રનું અકાળે અવસાન નીપજતા માતા-પિતા શોકમાં સરી પડ્યા છે.